કિંમત રૂ. ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે • અંક ૧૮૯ • જાન્યુઆરી૨૦૨૩




પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

॥ श्री हरि विजयते ॥



स्वस्ति श्री देश देशना त्यागी गृही बाई-भाई समस्त सत्संगी जोग

श्री नगर-अमदावाद महाशुभस्थाने बिराजमान
सप्तखंडना अधिष्ठाता श्री नरनारायण भगवानना चरणकमल
समीप श्री नरनारायणदेव देश पीठस्थानथी लिखितं धर्मकुळना
शुभाशिर्वाद सह जय स्वामिनारायण वांचशो।

अत्र कुशळतास्तु जे अमारा दादा अने आपणा इष्टदेव भगवान श्री स्वामिनारायणे संप्रदायमां नवधाममां प्रथम एवुं श्री स्वामिनारायण मंदिर मूळी धाममां श्री राधाकृष्णदेवनी स्वहस्ते प्रतिष्ठा करी जे कल्याणकारी प्रसंगने वि.सं.२०७९ महा सुदी पांचम वसंत पंचमी गुरुवार ना दिवसे २०० वर्ष पूर्ण थई रह्या छे। ते देव दुर्लभ अवसरने संभारी राखवा **उत्सव** पोषवदी चौदसथी ता.२०-१-२०२३ शुक्रवारथी महा सुदी पांचम ता.२६-१-२०२३ गुरुवार पर्यन्त उजवाशे तेमां त्यागी हरिभक्तो श्रीजी महाराजने प्रसन्न करवा सेवा अने सत्संगना अनेकानेक उपायो करशे।

तो आ **उत्सव**मां तन-मन-धनथी सेवा-सत्संगनो ल्हावो लेवा आप सौने हेते करीने निमंत्रण पाठवीए छीए।

| | | |
|---|---|---|
| आचार्य महाराजश्री साहेब | मोटा महाराजश्री साहेब | लालजी महाराजश्री साहेब |

धर्मकुळ परिवार
श्री नरनारायणदेव देश पीठस्थान
श्री स्वामिनारायण मंदिर, अमदावाद जोग




સંસ્થાપક
પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

પત્રવ્યવહાર
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર




વર્ષ - ૧૬ (મૂળ વર્ષ ૫૬) ● અંક : ૧૮૬ ● જાન્યુઆરી-૨૦૨૩

## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો | ૦૬ |
| ૦૩. | સોજા | ૧૦ |
| ૦૪. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૪ |
| ૦૫. | ભક્તિસુધા | ૧૫ |
| ૦૬. | સત્સંગ સમાચાર | ૧૭ |

# અસ્મદીયમ્



મોક્ષના માર્ગમાં સત્સંગ સૌથી પ્રથમ પગથીયું છે. સાચા સત્પુરૂષનો સમાગમ કરે અને ભગવાનની ભક્તિમાં જોડાયેલો રહે તો આ જીવાત્માને આને આ જન્મે આત્યંતિક મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેમાં પોતાની બુદ્ધિમાં વિવેક અતિ આવશ્યક છે. એટલે જ શ્રીજી મહારાજે કહ્યું છે કે - આ સત્સંગમાં જે વિવેકી છે તે તો દિવસેને દિવસે પોતાને વિષે અવગુણને દેખે છે અને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે ગુણને દેખે છે. અને ભગવાન ને સાધુ પોતાના હિતને અર્થે કઠણ વચન કહે છે તેને પોતાના હિતકારી માને છે અને દુઃખ નથી લગાડતો તેતો દિવસે દિવસે સત્સંગમાં મોટપને પામે છે. અને જે અવિવેકી છે તેતો જેમ જેમ સત્સંગ કરે છે અને સત્સંગની વાતો સાંભળે છે તેમ તેમ પોતાને વિષે ગુણ પરઠે છે અને ભગવાનને સંત એનો દોષ દેખાડીને એની આગળ વાત કરે છે તે વાતને માને કરીને અવળી લે છે અને વાતના કરનારાનો અવગુણ લેછે તે તો દિવસે દિવસે ઘટતો જાય છે. માટે પોતાને વિષે જે ગુણનું માન તેનો ત્યાગ કરીને શૂરવીર થઈને ભગવાન અને ભગવાનના સંતને વિષે વિશ્વાસ રાખે તો એનો અવિવેક ટળી જાય છે અને સત્સંગમાં મોટપને પામે છે. શ્રીજી મહારાજના આ વચનને યાદ રાખીને સંત સમાગમ કરીને ભક્તિ કરી લેવી એજ જીવના હિતમાં છે.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ડિસેમ્બર-૨૦૨૨)



- ૧ થી ૬ શ્રી સ્વામિનારાયણ મંદિર કંપાલા (આફ્રિકા) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
- ૯ શ્રી સ્વામિનારાયણ મંદિર માધાપર (કચ્છ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
- ૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર કૂજાડ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
- ૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ઈસંડ (તા. કલોલ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
- ૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી વિજય સ્થંભ સ્થાપન પ્રસંગે પધરામણી.
- ૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર નાગલપુર (કચ્છ) મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
- ૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર અમરાઈવાડી (અમદાવાદ) પધરામણી.
- ૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર લવારપુર કથા પ્રસંગે પધરામણી.
- ૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા સાર્ધ શતાબ્દી મહોત્સવ પ્રસંગે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

- ૪ શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (પાટીદાર) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
- ૭ શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
- ૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કોચરબ (અમદાવાદ) શાકોત્સવ પ્રસંગે પધરામણી.
- ૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી વિજય સ્થંભ સ્થાપન પ્રસંગે પધરામણી.
- ૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર જામસર (હાલાર મૂળી પ્રદેશ) શાકોત્સવ પ્રસંગે પધરામણી.
- ૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા સાર્ધ શતાબ્દી મહોત્સવ પ્રસંગે પધરામણી.
- ૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડી શાકોત્સવ પ્રસંગે પધરામણી.



# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

અને પોતાના આશ્રિત જે સર્વે સત્સંગી તેમને અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિષે રાખવા... શિક્ષાપત્રી શ્લોક નં. ૧૨૯ પ્રમાણે શ્રીહરિએ ધર્મવંશી આચાર્યશ્રીને કરેલી આજ્ઞાનુસાર આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સ્થાન, સમય અને ધર્મકુળના આશ્રિતરૂપ સભાજનોના અધિકાર ભેદથી સર્વજીવ હિતાવહ અમૃત વચનોથી સત્સંગી અને ધર્મપ્રેમી જનતાનું જીવન ઘડતર કરતા હોય છે. તેથી વિશાળ સભામાં અનેકવિધ શ્રોતાજનો પૈકી આપણા જીવનમાં ઈષ્ટદેવ પ્રત્યેની દ્રઢ ભક્તિ નિષ્ઠામાં જે દોષો અંતરાયરૂપ હોય તે શ્રીહરિના બળથી અને આપણા સર્વેના ગુરુ એવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી ટાળીને શ્રીહરિ તથા ધર્મકુળનો રાજીપો પ્રાપ્ત કરીએ.



**(૧) શ્રી સ્વામિનારાયણ મંદિર, હિંમતનગર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે તા. ૧૩-૧૧-૨૦૨૨ :** જ્યારે દર્શન કરતો હતો ત્યારે, ભગવાન રૂપાળા અને પ્રત્યક્ષ તો છેજ પણ આનંદ ખાસ કરીને એ વાતનો થયો કે અહીં ભગવાનને મોકળાશ મળી છે. આપણા મકાનો મોટા થાય તો ભગવાનના મકાનનું પણ ધ્યાન રાખવું જોઈએ ને ? આપણે પ્રગતિ-ઉન્નતિ કરીએ અને ભગવાન રહી જાય એ તો અપૂર્ણ કાર્ય કહેવાય. કારણ કે ભગવાન થકી આપણે રૂડા છીએ. આ મંદિરને દ્રષ્ટિમાં રાખીએ તો પછી વધારે જાત ભાતની દુનિયા ઉભી ન થાય! આઠ વર્ષની લાંબી તપશ્ચર્યા પછી તમને આ ભગવાન મળ્યા પણ રૂડા રૂપાળા મળ્યા તો હવે સાચવજો. ખુમારી રાખજો. કોઈની ખુમારી રાખવાની જરૂર કોઈને નથી. નાશવંત હોય એની ખુમારી કામમાં આવતી નથી. જે શાશ્વત છે તેની ખુમારી જ અંતે કામમાં આવે છે. રૂપિયા આજે હોય અને કાલે ખંખેરાય જાય. કોઈને સટ્ટોય લાગી જાય. પછી તેની જવાબદારી કોઈ લેતું નથી. **ભગવાન સનાતન છે. માટે ભગવાનની ખુમારી અને બળ જેટલા રહેશે એટલું અહીંથી (હૈયામાંથી) બળ મળતું રહેશે.**

બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી આધિ નંદ સંતોએ નરનારાયણદેવના કીર્તનો બનાવ્યા છે. ઘણાં લોકોને ખબર જ નથી. બ્રહ્માનંદ સ્વામીએ નરનારાયણદેવનું શુરવીરપણાનું એક કીર્તન બનાવ્યું છે. તેની એક પંક્તિ મને બહુ ગમે છે. બીજી પંક્તિઓની બાદબાકી નથી કરતો પરંતુ જે પંક્તિ મને યાદ છે તે પંક્તિના શબ્દો છે કે, **જે જે ભજન વિરોધી અંતર, તાકે મૂળ ઉખાડો રે.... જો કોઈ નડતર હોય તો એના મુળિયા જ ઉખાડી નાખો..** બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું છે, મે નથી લખ્યું. હું તો આનાથી વધારે જાત ! એ નંદસંતોની ભગવાન મળ્યાની ખુમારી તમે જુઓ ! મેં ઘણીવાર કીધું છે કે નંદ સંતોએ લખ્યું નથી, લખાઈ ગયુ છે. કારણ કે લખવામાં તો મહેનત પડે. ભગવાનના દર્શન થતા હોય, મૂર્તિ સામે જ બિરાજમાન હોય, પ્રત્યક્ષપણું હોય, મહિમા જાણ્યો હોય પછી આપોઆપ લખાઈ જાય છે. તેનો પ્રત્યક્ષ પુરાવો આપણે જાણીએ છીએ. મહારાજે બ્રહ્માનંદ સ્વામીને બેરખો માર્યો ત્યારે સ્વામીએ કહ્યું હું ઉંઘતો નથી. તમારું કીર્તન બનાવું છું. પછી મહારાજે આજ્ઞા કરી એટલે તુરત જ નવું કીર્તન બોલ્યા. પછી આગળ લખ્યું છે, **વિરોધી અંતર પછી જો ક્યાંક તકલીફ આવે તો, તન ટૂકડા કરી ડાલો રે.....** હવે અહીં બ્રહ્માનંદ સ્વામી ક્યાંય લડવા નહોતા ગયા પણ **ભગવાનનો પક્ષ, ભગવાનની નિષ્ઠા અને ભગવાનની ખુમારીની આ વાત છે. માટે ભગવાનના બળે કરીને**

**જેટલું થશે એટલું જ સારુ થશે અને સારુ થશે આ વાસ્તવિકતા છે.**

મારી પાસે આશીર્વાદ લેવા આવો તો અમે તમારા માટે ભગવાન પાસે પ્રાર્થના અવશ્ય કરીશું. કરતા જ રહીએ છીએ. કારણ કે આપણો આ પરિવાર છે. પરિવાર સુખી થાય, સંપન્ન થાય, આગળ વધતો રહે, ખાસ કરીને દીકરા-દીકરીઓમાં સિદ્ધાંતની પરંપરા ચાલુ રહે એ જ પ્રાર્થના કરવાની. બાકી શું માગવાનું ? રૂપિયા માંગીશું ? ના મગાય, આશ્રિત માટે અન્ન, વસ્ત્રની જવાબદારી તો મહારાજે લીધેલી જ છે. **ભગવાનના દર્શન કરો ત્યારે કંઈ સંકલ્પ કર્યા વગર દર્શન કરો તો એ સાચા દર્શન છે.** દર્શન કરતી વખતે સંકલ્પ નથી થતા. પરંતુ તમોને જોઈએ છીએ ત્યારે સંકલ્પ થાય છે. તમારા બધાનું ભગવાન ખૂબ સારુ કરે. હું જોઈને આવ્યો છું. પાછળ રસોડું ચાલુ છે. છતા પણ તમે અહીં હેત અને લાગણીથી બેઠા છો. અમૂક તો રસોડમાં ચક્કર મારીને આવ્યા હશે. વાંધો નહી, ભૂખ્યે ભજન ન હોય ગોપાલા. **ભગવાન મળ્યાનું સુખ મહારાજે બહુ કીધું છે. બહુ કીધું છે જેનો છેડો આવે એવું નથી.** મહારાજના શબ્દોમાં જે શુકમુનિએ પત્રો લખ્યા છે તે પૈકી હું તમને દસ પત્રો વંચાવડાવું તો તમને ખ્યાલ આવે કે તેમાં શું બોમ્બબાર્ડિંગ થયેલું છે અને એવા તો બે હજાર પત્રો છે. સીધુ જ જજમેન્ટ, ડિરેકશન છે કે આમ કરો તો આમ, નહી તો જાવ. પણ વસ્તુએ છે કે દેવને લીધે પત્રો છે ને ! આજે જે અહીં રાજસ્થાનના, મુંબઈના રાજસ્થાનના, ધરિયાવદ, આજુ બાજુના ગામોના, સાબરકાંઠા, બિલીયા, વાલી બાજુના ૩૮ ગામો બધા ભેગા થઈને બેઠા છો. હવે તમે વિચાર કરો, તમારે ને મારે શું લેવા દેવા ? સૂતક લાગે છે ? પણ **બાપ એક છે માટે બેઠા છો.**

હમણા જ મારી પાસે એક દીકરો પૂજા લેવા આવ્યો. પૂજા કોની કરશે ? અમારા બાપની કરશે ! સહેજે જ હેત થાય ને તમારા પડોશીના ઘેર તમારા પિતાશ્રીનો ફોટો કોઈ રાખે તો તમને હેત થાય કે ન થાય ? આજે એ પૂજા લઈ ગયો. રાત્રે વિચાર કરીને આયોજન કરશે. વહેલો જાગી જશે, પૂજાનું પાથરણું આમ તેમ ગડી વિનાનું કરી મહારાજને વ્યવસ્થિત પધરાવી ભાવથી પૂજા કરશે. પહેલી વારની દુનિયા જુદી હોય છે પછી ધીમે ધીમે શું થાય છે ? પ્રત્યક્ષપણાની ભાવનામાં ઓટ આવતી જાય છે. એટલે મૂર્તિઓ પણ મેં ઉંધી જોઈ છે એમાં બધું સમજી જવાનું ! બધાની વાત નથી કરતો. પરંતુ કહેવાનું તાત્પર્ય એ છે કે પૂજાની યંત્રવત ટેવ નથી પાડવાની, ભગવાનમાં પ્રત્યક્ષપણું કાયમ રાખવાનું છે અને ભગવાન પ્રત્યક્ષ છે જ !

હવે ભગવાનની અહીં જે મોકળાશ છે તેવી રીતે એક સરસ ઓટો કરીને હનુમાનજી દાદાને પધરાવો. હનુમાનજી દાદા ભગવાનની સેવામાં હંમેશા રહેલા છે. માટે તેમાં તફાવેદ પાડનાર આપણે કોણ છીએ ? આપણી સક્ષમતા કેટલી ? આપણી ફૂટપટ્ટી કેટલી ? ભગવાનની ફૂટપટ્ટી આગળ કોઈની ફૂટપટ્ટી કામ આવતી નથી. જેનાથી સેવા થઈ હોય તે ભગવાનની જોડે જ રાખવા. અને ગોઠવી આપીશું. તમારા પૂર્વજોએ આટલી સેવા કરી હોય, મંત્રજાપ કર્યા હોય તો એ યાદ રાખવું. ઘણા ભગવાન અને માતાજીની વચ્ચે ડિવીઝન મૂકે છે. વચ્ચે પાટિયા મારે છે. એમને કંઈ પ્રોબ્લેમ નથી. બાઝતા નથી તો તમારે શું પ્રોબ્લેમ છે ? તિરાડો આપણે પાડી છે. માતાજીનું સ્વરૂપ લક્ષ્મીજીનું હોય કે પાર્વતીજીનું, સાત્વિક સ્વરૂપ હોય તો પછી તકલીફ ક્યાં છે ? ભગવાને તો શિક્ષાપત્રીમાં માનવા-પૂજવાનું લખ્યુંછે. શાસ્ત્રોમાં ક્યાંય પાટિયા મારવા એવો ઉલ્લેખ જોવા મળે છે ? એટલે પાટિયા જ્યાં હોય ઘરમાં, મગજમાં, ચૂલા જુદા થતા હોય તો એ ભગવાન અને મહાત્મા ખોટા. એ ભગવાનમાં હું માનવા તૈયાર નથી. આ વસ્તુ હું નાભિથી માનું છું. ભાઈ ભાઈ વચ્ચે ઝઘડો કરાવે એ ભગવાન સાચા હોય ? **ભગવાન હોય એ તો એક કરે, સંપ કરાવે, માણસ માણસ વચ્ચેનું અંતર દૂર કરે એને ભગવાન કહેવાય.** મછિયાવના ફઈબાનો દાખલો યાદ છે ને ? સ્વામિનારાયણ ભગવાને કહ્યું, સાસુ, વહુ એક થાય, છૂટા ન પડો. ફઈબાથી ન મનાયું. પરિણામ શું આવ્યું ? ફઈબાનું નામ-ગામ, વચનામૃત ડિલીટ થઈ ગયા, નીકળી ગયા. કલ્પના તો કરો. માટે એક કરે એ જ ભગવાન હોય. ભગવાનથી વધારે ડાહ્યા છીએ આપણે ? ૨૧૨ શ્લોક બહુ થઈ ગયા. ઓવર ન જવું. એટલું પળાય તો ઘણું છે. અંદર ઉમેરવા જઈએ તો બીજું બધું વધારાનું ઉમેરાય જાય ! **બળિયા હોય એ યુવાન હોય,**

**માયકાંગલા હોય એ રીઢા થઈ જાય છે.** આમ નથી ને તેમ નથી ને પહેલા જેવું નથી એવું માયકાંગલા જ રહેવું હોય તો કબર તૈયાર છે ! **ભગવાન જેવા ભગવાન મળ્યા પછી મજબૂતાઈ રાખો. જન્મસ્થાન આપણી પાસે છે. આખા જગતનું સંપ્રદાયનું પ્રથમ મંદિર આપણી પાસે છે. મ્યુઝિયમમાં પ્રસાદીની વસ્તુઓ, ખૂટાડી ખૂટે નહી એટલી છે. માટે ગર્વ રાખો પણ થોડો પુરુષ પ્રયત્ન તો કરવો પડે !** મહારાજ આપ સર્વેનું ખૂબ રુડું અને મંગળ કરે એવી પ્રાર્થના.

**(૨) ધમાસણા મંદિર પંચમ પાટોત્સવ અને બહેનોના મંદિરમાં પુનઃપ્રતિષ્ઠા પ્રસંગે, તા. ૨૪-૧૧-૨૦૨૨ :** ખૂબ આનંદ થયો. કારણ કે ભગવાનના દર્શન થાય, ભેગા ભેગા ભગવાનના ભક્તોના દર્શન થાય આ મહિમા મહારાજે પોતે કહ્યો છે. **ત્રણ દર્શન અગત્યના છે. ભગવાનના, ભક્તના અને પોતાના.** પગથિયા ચડીએ અને પછી ઉતરીયે ત્યારે વિચાર કરવો કે કેવા ઉતાર્યા હતા અને કેવા ઉતર્યા ? (ભગવાન) ખરૂને ? મંદિરમાં દર્શન કરીને જુના સભા મંડપમાં ગયો. ત્યાં જે મૂર્તિઓ છે. ચરણાર્વિંદ છે તેની કિંમત થાય ખરી ? થાય ? મળે છે ક્યાંય ? નહી મળે. એ તમારા ભાગે આવ્યું છે ! અને એટલે જ દર્શન કરીને અમારું હૈયુ પણ ટાઢું થયું છે. વડવાઓએ કેટલુ ભજન કર્યું હશે ! અમે હોઈએ કે તમે, આપણે એમ જ નથી બેઠા અહીં ! રૂપિયો હોય તેવું પરચૂરણ નીકળે. બીજ બળ બહુ મોટુ કામ કરે છે. પૂર્વજોએ કેટલી ભક્તિ કરી છે અને એ વખતે ક્યાં સુવિધા હતી ? માટે યુવાનો ! તમારે આ બહુ સાચવીને રાખવાનું છે. **બીજું સાચવો કે ન સાચવો પણ ભગવાનના થઈને રહેવું. બધાના થાય આના થાય, તેના થાય પછી અંતે દુઃખી થાય.** ગૃહસ્થ ને તો અનુભવ હોય જ ! અમે પણ ગૃહસ્થ જ છીએ. **ભગવાન, સિધ્ધાંત અને પરંપરા જાળવી રાખ્યા હોય તો પછી ક્યાંય આંટા ફેરા મારવા પડતા નથી. આ હકીકત છે.** અડસઠ તીરથ ચરણે કોટી ગયા કાશી. ભગવાનના ચરણોમાં અનેક-કોટી કાશી છે. એની કોઈ ગણતરી ના આવે એ આ ચરણમાં બળ છે.

કાયમ કહું છું કે માહોલ આપો, ઉપદેશ નહી. વાતાવરણની જ અસર થાય છે. ઉપદેશની નહી. **જેવું વાતાવરણ મંદિરમાં છે, એવું જ ઘરમાં રાખો અને એવું ને એવું જ વાતાવરણ અંતરમાં રાખો. ત્રણેનું બેલેન્સ હશે તો કામ થશે. પછી ઉપદેશની બહુ જરૂર નહી પડે. મહારાજે આપણા માટે કેટલો દાખડો કર્યો છે !** અને તેથી જ આપણને કહ્યું પણ છે કે ભલા થઈને અમારા દાખડા સામું જોજો. અમારો દાખડો સફળ કરજો. ગામઠી ભાષામાં કહીએ તો ભલા થઈને હખણા રહેજો. આપણે આ વાક્ય વારંવાર સાંભળતા આવ્યા છીએ. એટલે એમ જ નીકળી જાય છે. પરંતુ વિચારીને મનન કરીએ તો ખ્યાલ આવે કે ભલા થઈને એ શબ્દથી શરૂ થતા મહારાજના આ વચનમાં કેટલો ભાર છે ! મહારાજે આપણા માટે બહુ વિચરણ કર્યું છે. હવે માણકી પર બેસાડીને બહુ ફેરવીએ તેના કરતા સીધા ચાલીએ તો મહારાજનો દાખડો સફળ થયો ગણાશે. ભગવાન જેવા ભગવાન મળ્યા છે પછી આપણે પાંગળા છીએ ? આવી પ્રાપ્તિ થયા પછી પણ આપણે દુઃખી રહેતા હોઈએ તો એ આપણા સ્વભાવની ખામી છે ! દુઃખિયારા ન થવું. આમ થતું નથી ને તેમ થતું નથી. એવું કહેવા કરતા આપણાથી શું થાય છે. તે પોતાના અંતરાત્માને પૂછવું. ઘણા તો જાણી જોઈને પાંગળા થાય છે.

આ તમારા દશ ગામ છે તેમાં જમીનોના ભાવ વધ્યા પછી શું દશા થઈ છે ? ખમૈયા કરજો. રાગે રાગે રાખવું. આમાં સરવાળે પરિવારો ખલાસ થઈ જાય છે. તમે જાણો છો આ વાસ્તવિકતા છે, કોઈ દંતકથા નથી એક રાજા હતો.... એવી કોઈ આ વાત નથી આજની આ વાત છે. આપણે ક્યાંક આડા અવળા ન જતા રહીએ તેનું ધ્યાન રાખવું ! પણ મને ગર્વ છે કે દશ ગામ સમાજ છે તેમાં ક્યાંય પણ કોરોના લાગ્યો નથી. ઓલ્યો કોરોના તો ઠીક છે હતો કે ન હોતો એનીય ખબર નથી. બીકથી માણસો હેરાન થઈ ગયેલા. ૧૪ દિવસ સુધી પુરી રાખતા પછી શું થાય ! **એ કોરોનાની તો વેક્સિન છે પરંતુ ખોટા જીવડા મગજમાં ઘુસી જાય એની કોઈ વેક્સિન નથી. બધા તાક મારીને (તાકીને) જ બેઠા છે.** માટે જ મહારાજે વજનદાર શબ્દ વાપર્યો છે. એટલે ખટકો રાખવો. એમ જ જાવા દેવુ નહી. આમ ચાલશે, થશે. એવું ઢીલું પોચું નહી. આપણે કંઈ જેવા તેવા છીએ ? ભગવાન જેવા ભગવાન મળ્યા છે તો ભગવાનને અર્થે શું નથી થતું ! મોળું બોલાય તો ઉપવાસ કરવો. ફરાળી લોટ વાળો નહી ! આ પાછી નવી ઘો ઘુસી છે. એફ.ડી.એ. વિભાગ ચેક કરે તો ખબર પડે કે કેટલામાં ભેગ છે ! જે દિવસે

ઢીલું-પોચું બોલાય તે દિવસે અધકચરો નહી પણ ચોખ્ખો ઉપવાસ કરવો. આ મહારાજનું વચન છે. મારું વચન નથી, કોઈ દિવસ મારી વાત કરતો નથી. **મહારાજના વચનમાં દ્રઢ વિશ્વાસ અને પ્રત્યક્ષપણું રાખીશું એટલા સુખી થઈશું. દુઃખી કરવા માટે ક્યાંક ક્યાંક જીવડા પેઠા હોય તો જરીક સાચવી લેવું.** આ તો અચાનક અભિવૃધ્ધિ થઈ ગઈ હોય એટલે દૂષણ ઘણા પેસે. એટલે મઝા કરો પણ મર્યાદામાં રહીને.

ઓશિયાળા નહી થવાનું. ભારતનું શું થશે ? યુક્રેનનું શું થશે ? ગામ આખાની પંચાત કરવા કરતા તારું શું થશે ? એ તો પ્રથમ વિચાર ! દીકરા-દીકરીઓ અને પરિવારનું તો પહેલા વિચારો. પહેલા મગસની પ્રસાદી કે સીંગ સાકરની પ્રસાદી મળતી, દાઢે લાગી જાય પછી સત્સંગ થઈ જતો. હવે નવી પેઢી બહુ સ્માર્ટ છે. માહોલ વિના કામ નહી થાય. મોબાઈલમાં રીંગ વાગે અને તમે કહી દો કે કહી દે ને કે ઘેર નથી. બહાર ગામ ગયા છે તો તમને આ વસ્તુ કદાચ નાની લાગતી હશે પરંતુ એ નાની નાની વસ્તુની બાળકો પર બહુ મોટી અસર પડે છે. આ નવેમ્બર-૨૦૨૨ ની વાત કરુંછું. શિક્ષાપત્રી ૨૧૨ ની બહારની આ વાત નથી. ગોળા ગોફળ નથી. **સિધ્ધાંત અને પરંપરા બદલાય નહી, નહિ તો ક્યાંય ખોવાઈ જવાય.** તમે ખટકો રાખ્યો છે અને રાખજો. મને ગર્વ છે કે દસ ગામ સમાજને જીવડા લાગ્યા નથી. આવુને આવું કહું એવું રાખજો. ખુમારી રાખો, દેવ રાખો, પરિવાર પ્રત્યે સ્નેહ રાખો. દીકરા-દીકરીઓનું ઘડતર તમારું જોઈને જ થશે. ઉપદેશ આપીને ઘડતર કરવું હોય તો પ્રયત્ન કરી જોજો. ઉંધુ ન પડે તો કહેજો મને. ઘણાને અનુભવ છે એટલે સાનમાં સમજી ગયા ! અનુભવ એ બહુ મોટી મુડી છે.

ઉપરથી આવ્યું છે એટલા માટે તો ભેગા બેઠા છીએ. એક બીજા પ્રત્યે પ્રેમ લાગણી રાખજો. **દોષ જોવા નહી, ગુણ જોવા એ મહારાજનું વચન છે. દોષ જોશો તો બધામાં નીકળશે.** જવાનિયા સભામાં બેઠા છે તેનું ગર્વ તો થાય ને ! આજે જવાનિયા મળે છે ક્યાં ? મોખાસણ, વડુ, કરજીસણ તો ખાલી થઈ ગયા છે. સાચી વાત ને ? આ છોકરાઓ ખાલી અહીં બેઠા નથી પરંતુ રસોડામાં તાવેથો પણ હલાવતા હશે ત્યારે પ્રસાદ ભેગા થવાય છે. આપણે સુખિયા છીએ અને કાયમ સુખિયા રહીએ અને જેઓને દુઃખિયા થવું હોય તો જ્યાં જવું હોય ત્યાં જાય. યદુવંશીઓનો ઈતિહાસ તો જાણો છો ને ! **સુખી થવું હોય તો દેવનો આશરો મજબુત રાખજો, દેવને આગળ રાખશો તો કામ થશે.** હેત, પ્રેમ અને લાગણી રહે, ભગવાન પ્રત્યેની નિષ્ઠા કાયમ રહે, ભગવાન બળ આપે એવી પ્રાર્થના.

**નૂતન શિખરબધ્ધ મંદિર હિંમતનગર**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી નરનારાયણદેવ માર્ગ,
સહકારી જીન રોડ, હિંમતનગર-૩૮૩૦૦૧
મો. : ૯૮૯૮૦૧૧૬૧૬

**શ્રી નરનારાયણદેવ આદિ દેવોની ધજાના યજમાન : રૂા. ૧૧૦૦૦/- પ.ભ. લાલજી દેવજી કેરાઈ પરિવાર (રામપર-વેકરા-કચ્છ)**

## અક્ષરવાસ

મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરના સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. પુરાણી સ્વામી પુરુષોત્તમચરણદાસજી કારતક સુદ-૮ ને સોમવાર તા. ૦૧-૧૧-૨૦૨૨ ના રોજ શેખપાટ ધામે શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. તેમના અક્ષરવાસથી મૂળી પ્રદેશના સત્સંગને મોટી ખોટ પડી છે.

ટોરડા શ્રી સ્વામિનારાયણ મંદિર (કાલુપુર મંદિર)માં રહેતા સંત સ.ગુ. સ્વામી જયકૃષ્ણદાસજી ગુરુ સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી કારતક વદ-૨ ને તા. ૧૦-૧૧-૨૦૨૨ ને ગુરુવારના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરના પાર્ષદ પ્રવિણ ભગત ગુરુ પુરાણી સ્વામી માધવચરણદાસજી તા. ૦૮-૧૨-૨૦૨૨ ને ગુરુવારના રોજ શ્રીહરિ નામ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા અમદાવાદ - મહંત સ્વામી : મો. ૭૦૪૬૭૧૨૦૦૦**

## શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીના ગામો

# સોજા





● અમદાવાદ કાલુપુર મંદિરથી બાય રોડ ૧ કલાક ૧૫ મિનિટ

● અમદાવાદ એરપોર્ટ થી ૧ કલાક ૫ મિનિટ

- સંકલન : પ્રફુલ ખરસાણી

અહીંનું હરિમંદિર પશ્ચિમ બારનું છે. મંદિરના મુખ્ય પ્રવેશ દ્વાર ઉપર નવ્ય ભવ્ય, સુશોભિત અને વિશાળ ટાવર છે. અહીં ભગવાન શ્રી સ્વામિનારાયણ પધારેલા છે. ગામથી પૂર્વ દિશામાં ચોરામાં શ્રી હરિના ચરણાંરવિંદ પધરાવી ઓટો કરેલ છે. જ્યાં શ્રીહરિ માણકી ઘોડી ઉભી રાખી ઊભા રહ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે દંઢાવ્ય દેશમાં વિચરણ કરતા ત્યારે દરેક ગામોને પોતાના ચરણાંકિત વડે પુનિત કરતા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ કોલવડા આદિ ગામોમાં વિચરણ કરતા એક સમયે સોજા પધાર્યા. સોજા ગામના ભક્તજનોએ ભક્તિભાવથી શ્રીહરિનું સામૈયું કરી પોતપોતાના ઘેર શ્રીહરિને પધરાવ્યા. શ્રીહરિએ પણ તેમના શુભ મનોરથો સિધ્ધ કરી ત્યાંથી શ્રીહરિ ગઢપુર પધાર્યા.

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ ''ભક્તચિંતામણી'' ગ્રંથના પ્રકરણ ૧૧૯માં સોજા ગામના ભક્તજનોના નામનું વર્ણન નીચે પ્રમાણે કરેલ છે.

**કણબી દેવજી રહે સોજે, ભજે પ્રભુજીને સુખ મોજે ॥૧૯॥**

સાથે સાથે ''શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર'' ઉ. તરંગ ૬૯માં પણ વર્ણન નીચે પ્રમાણે કરવામાં આવેલ છે.

**ત્યાંથી પધાર્યા છે સોજે ગામ ॥ નિજભક્તનાં કરવા કામ ॥**
**દેવજી આદિક હરિજન ॥ કર્યું સન્માન નિર્મળ મને ॥૧૮॥**

આ પ્રમાણે શ્રીહરિ નારદીપુરથી સોજા ગામમાં પધારેલા છે અને પોતાના આશ્રિત એવા ભક્તજનોને જ્ઞાનોપદેશ કરી તથા તેમના શુભ મનોરથો પૂર્ણ કરી તથા તેમની સેવા અંગીકાર કરી શ્રીહરિ ત્યાંથી નાદરી ગામે પધાર્યા છે. આમ સોજા ગામની ભૂમિ અક્ષરાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ચરણાંકિત વડે ખૂબ ખૂબ પ્રભાવશાળી અને પુનિત કરેલ છે.

શ્રીજી મહારાજે સોજાના પટેલ નાગરદાસ અને કડીયાને અક્ષરધામનું અવર્ણનીય સુખ આપ્યું હતું.

એક સમયને વિષે ગામ સોજાના પટેલ નાગરદાસ માંદા અને તેમના ભાઈ નથુભાઈ તેમની પાસે બેઠા હતા. તે સમયે નાગરદાસ ઉંચું જોવા માંડ્યા ત્યારે નથુદાસભાઈએ કહ્યું ''ભાઈ! ઉંચે શું જોઇ રહ્યા છો ? મહારાજને સંભારોને'' ત્યારે નાગરદાસ બોલ્યા જે ''હું ઉંચે જોઉ તેવો નથી હું તો મહારાજની મૂર્તિ જોઇ રહ્યો છું. અને આ હરિચરણદાસજી આદિક પાંચ સાધુ આવ્યા છે તે કહે છે કે તમને આવતી કાલે મહારાજ તેડવા આવશે ને અમે આજ પેલા કડીયાને તેડવા જઈએ છીએ.'' ત્યારે નથુરામભાઈ બોલ્યા જે ''તે તો સત્સંગી નથી'' ત્યારે નાગરદાસ કહે ''એ તો સત્સંગી નથી પણ એની મા સત્સંગી હતાં ને તેણે સાધુને લોટ આપ્યો ને તે દિવસે તે બાઈથી દળાય તેમ ન હોતું તેથી તે કડીયે દશ શેર બાજરો દળી દીધો તે પુણ્યે કરીને તેને તેડવા જઈએ છીએ. એમ તેઓ વાત કરે છે'' એટલામાં તો નાગરદાસનો દીકરો આવ્યો તે બોલ્યો જે ''એ કડીયો તો ચારાનો ભારો લઈને હમણાંજ મને મળ્યો હતો ને સાજો છે'' પછી તે કડીયો પોતાને ઘેર ચારાનો ભારો નાખી ને તળાવમાં નહવા ગયો ત્યાં તાણ આવી તેથી પાણીમાં પડ્યો ને દેહ મેલી દીધો ને તેને સાધુ તેડી ગયા.

આમ શ્રીજી મહારાજ પોતાના આશ્રિતોનું કલ્યાણ કરે છે એમાં બિલકુલ સંશય નથી. કારણ કે કડીયો સત્સંગી ન હતો પરંતુ તેની મા સત્સંગી હતાં તેથી કરીને કડીયાનું મહારાજે કલ્યાણ કર્યું. આમ શ્રીહરિએ સોજા ગામમાં પધારીને અનેકજનોને પોતાનો ઐશ્વર્ય પ્રતાપ જણાવી ધર્મની પુષ્ટિ કરી છે.

# "ઉત્સવ" કાર્યક્રમની રૂપરેખા

**પ.પૂ. ધર્મકુળના વરદ્ હસ્તે તથા વરીષ્ઠ સંતો તથા યજમાનશ્રીની ઉપસ્થિતિમાં હવેલી દિવ્ય પ્રદર્શનમ્ ઉદ્‌ઘાટન તથા ભવ્ય આતશબાજી**

તા. ૧૯-૧-૨૦૨૩, ગુરુવાર

**પ્રતિદીન કથા સત્ર**

સવારે : ૮:૦૦ થી ૧૧:૦૦ કલાકે
સમય : સાંજે ૩:૩૦ થી ૫:૩૦ કલાકે

**પ્રતિદીન વ્યાખ્યાનમાળા**

સવારે : ૧૧:૦૦ થી ૧૧:૧૫ કલાકે
સમય : બપોરે ૩:૦૦ થી ૩:૩૦ કલાકે

## પ્રથમ દિવસ (તા. ૨૦-૧-૨૦૨૩, શુક્રવાર)

**પોથીયાત્રા**

શ્રી રાધાકૃષ્ણ દેવ શ્રી હરિકૃષ્ણ મહારાજનાં પવિત્ર ઉંબરે વેદોક્ત વિધીથી પોથીજીનું ભાવપૂજન અનેવાજતે ગાજતે શ્રી સ્વા. મંદિરથી શ્રી માંડવરાય દાદાના મંદિરે થી મહોત્સવ સ્થળ સુધી દિવ્ય ભવ્ય પોથીયાત્રા
સમય : સવારે ૭:૦૦ કલાકે

**મહોત્સવ મુખ્ય દ્વાર ઉદ્‌ઘાટન**

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા
અધ્યક્ષ : પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
સમગ્ર ધર્મકુળનાં વરદ્ હસ્તે તેમજવરીષ્ઠ સંતો અને યજમાનશ્રીઓના હસ્તે
સવારે ૯:૦૦ કલાકે

**શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડધૂનનો પ્રારંભ**

અધ્યક્ષ : પ.પૂ. ભાવિઆચાર્ય ૧૦૮
શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે
સવારે ૯:૧૫ કલાકે

**મહોત્સવ મંગલ દીપ પ્રાગટ્ય**

સમગ્ર ધર્મકુળ તેમજ વરીષ્ઠ સંતોનાં કરકમલો દ્વારા
સવારે ૯:૩૦ કલાકે

**મંગલ રૂડા આશીર્વાદ**

પ.પૂ. મોટા મહારાજ
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**મંગલ ઉદ્‌બોધન**

સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી

**આરોગ્યલક્ષી સામાજીક જાગૃતિલક્ષી સેમીનાર**

બપોરે ૨:૦૦ થી ૩:૦૦ કલાકે

**શ્રી રાધાકૃષ્ણ દેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ સમક્ષ નિજ મંદિરમાં ચોકલેટ તેમજ વિવિધ પ્રકારના શરબતના અન્નકૂટ દર્શન**

સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે

**સદ્. શ્રી બ્રહ્માનંદ સ્વામીના પૂજાના શ્રીશાલીગ્રામજીનું સવા લાખ તુલસીપત્રો દ્વારા ભાવપૂજન અને પુષ્પાભિષેક**

સવારે ૧૧:૧૫ કલાકે

## દ્વિતીય દિવસ (તા. ૨૧-૧-૨૦૨૩, શનિવાર)

**ષોડશોપચાર વિધિપુરઃસર શ્રીહરિની દિવ્ય મહાપૂજા (તા. ૨૧-૧-૨૦૨૩ થી તા. ૨૪-૧-૨૦૨૩ સુધી દરરોજ)**

સવારે ૭:૦૦ થી ૯:૦૦ કલાકે

**શ્રી રાધાકૃષ્ણ દેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ, નિજ મંદિરમાં ફળકૂટોત્સવ તથા વિવિધજ્યુસના અન્નકૂટ દર્શન**

સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે

**નૂતન પ્રકાશિત વિવિધ ગ્રંથોનાં વિમોચન**

શ્રી ધર્મકુળના વરદ્ હસ્તે
સવારે ૧૧:૧૫ કલાકે

**શ્રી ઠાકોરજીના વસ્ત્ર - અલંકારોની ભવ્ય છાબયાત્રા**

સવારે ૧૧:૩૦ કલાકે

**આરોગ્યલક્ષી સમાજ જાગૃતિલક્ષી સેમીનાર**

બપોરે ૨:૦૦ થી ૩:૦૦ કલાકે

## તૃતીય દિવસ (તા. ૨૨-૧-૨૦૨૩, રવિવાર)

**શ્રી રાધાકૃષ્ણ દેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ, નિજ મંદિરમાં ડ્રાયફ્રુટના ભવ્ય અન્નકૂટ દર્શન**
સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે

**વિપ્ર બટુકોને સમૂહ યજ્ઞોપવીત તેમજ બ્રહ્મચોર્યાસી**
સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે

**વરિષ્ઠ સંતોનું સન્માન**
સવારે ૧૧:૧૫ કલાકે

## ચોથો દિવસ (તા. ૨૩-૧-૨૦૨૩, સોમવાર)

**શ્રી રાધાકૃષ્ણ દેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ, નિજ મંદિરમાં વિવિધ શાકભાજીના દિવ્ય હાટડી દર્શન**
સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે

**શ્રી મુળી મંદિરના નિર્માણકર્તા કવિ સમ્રાટ સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીનું તેમજ શ્રી મુળી મંદિરના પ્રથમ મહંત સ.ગુ. શ્રી દેવાનંદ સ્વામીનું દિવ્ય ભાવપૂજન**
સવારે ૧૧:૧૫ કલાકે

**ત્રિદિનાત્મક શ્રીહરિયાગ મહાયજ્ઞ**
સવારે : ૮:૦૦ થી ૧૨:૦૦ કલાકે
સાંજે : ૨:૦૦ થી ૬:૦૦ કલાકે

**દેહશુદ્ધિ**
સવારે ૧૦:૦૦ કલાકે

**શ્રી રાધાકૃષ્ણ દેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ, આદિદેવોના ચાંદીના વાઘાની અર્પણવિધી**
સવારે ૧૧:૦૦ કલાકે
(ધર્મકુળ પરિવાર તથા પૂ.સંતો તથા દાતાશ્રીઓની હાજરીમાં)

**શ્રી યજ્ઞનારાયણ દેવનું અરણીમંથન દ્વારા પ્રાગટ્ય તેમજ સ્થાપન-પૂજન**
બપોરે ૨:૦૦ કલાકે

**મહિલા મંચ**
પ.પૂ. અ.સૌ. લક્ષ્મીજીસ્વરૂપાશ્રી ગાદીવાળાશ્રી તેમજ
પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી તેમજ પૂ. શ્રીરાજાના સાનિધ્યમાં
બપોરે ૨:૦૦ થી ૩:૧૫ કલાકે

**સભામંડપમાં બિરાજમાન મહાપ્રતાપી શ્રી ઘનશ્યામ મહારાજનું શ્રી દિવ્ય રાજોપચાર મહાપૂજન તેમજ ભવ્ય પુષ્પાભિષેક**
બપોરે ૨:૦૦ થી ૪:૦૦ કલાકે

**કથા વિરામ સમયે સભામંડપમાં સમૂહ મહાઆરતી**
સાંજે ૬:૦૦ કલાકે

## પાંચમો દિવસ (તા. ૨૪-૧-૨૦૨૩, મંગળવાર)

**શ્રી સુવાસિની બા નાં પ્રસાદીભૂત કાંબી અને કડલાઓનું પૂજન-અર્ચન**
સવારે ૧૧:૧૫ કલાકે

**શ્રી રાધાકૃષ્ણ દેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ, નિજ મંદિરમાં માવાની વિવિધ મીઠાઈઓના અન્નકૂટ દર્શન**
સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે

**શ્રી શાકોત્સવનો દિવ્ય વઘાર**
શ્રી ધર્મકુળના વરદ્ હસ્તે
સવારે ૧૧:૩૦ કલાકે

**યુવામંચ તથા બાળમંચ**
તમામ ગામોના શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તેમજ
શ્રી નરનારાયણ દેવ બાળમંચના તમામ બાળકોને લઈને
સહુ સત્સંગીઓએ ખાસ ઉપસ્થિત રહેવાનું છે.
બપોરે : ૨:૦૦ થી ૩:૦૦ કલાકે

**શ્રી રાધાકૃષ્ણ દેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ, નિજ મંદિરમાં દિવ્ય શ્રી રાજોપચાર મહાપૂજન**
બપોરે ૨:૦૦ થી ૪:૦૦ કલાકે

**પ.પૂ. ભાવિ આચાર્ય મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજના નેતૃત્વમાં**
બપોરે : ૧:૩૦ થી ૩:૧૫ કલાકે

**શ્રી ભોગવતી ગંગા પૂજનોત્સવ તેમજ મહાઆરતી - સાંજે ૬:૩૦ થી ૭:૩૦ કલાકે**

## છઠ્ઠો દિવસ (તા. ૨૫-૧-૨૦૨૩, બુધવાર)

**શ્રી રાધાકૃષ્ણ દેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ,નિજ મંદિરમાં માવાની વિવિધ ફરસાણ વાનગીઓના અન્નકૂટ દર્શન**
સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે

**જળયાત્રા**
બપોરે ૨:૦૦ થી ૩:૦૦ કલાકે

**હવેલી પૂજન**
સાંજે ૭:૦૦ કલાકે

**મંદિરના દિવ્ય પરિસરમાં લેઝર તેમજ લાઈટીંગ શો, ભવ્ય આતશબાજી તેમજ મંદિરનું પૂજન તેમજ સમૂહ મહાઆરતી**
સાંજે ૬:૩૦ થી ૮:૩૦ કલાકે

## મહોત્સવ પૂર્ણાહુતિ સાતમો દિવસ (તા. ૨૬-૧-૨૦૨૩, ગુરુવાર)

**યજમાનશ્રીઓ દ્વારા પાટોત્સવ અભિષેક પૂજન**
સવારે ૫:૩૦ થી ૬:૦૦ કલાકે

**શ્રી રાધાકૃષ્ણ દેવ શ્રી હરિકૃષ્ણ મહારાજનો ભવ્ય મહાઅભિષેક તેમજ પુષ્પવૃષ્ટિ**
સવારે ૬:૩૦ થી ૭:૩૦ કલાકે

**શ્રી રાધાકૃષ્ણ દેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ, નિજ મંદિરમાં છપ્પનભોગ અન્નકૂટ દર્શન**
સવારે ૧૦:૦૦ થી સાંજે ૫:૦૦ કલાકે

**શ્રી શિક્ષાપત્રી ગ્રંથરાજ પૂજન**
સવારે ૯:૦૦ કલાકે મહોત્સવ સ્થળે

**પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ભવ્ય રાષ્ટ્રીય ધ્વજવંદન કાર્યક્રમ (કથા સ્થળે)**
શ્રી ધર્મકુળના વરદ્ હસ્તે તેમજ રાજકીય સામાજીક આગેવાન મહાનુભાવશ્રીઓના સાનિધ્યમાં - સવારે ૯:૩૦ કલાકે

**વસંતના વધામણા - રંગોત્સવ**
ધર્મકુળના વરદ્ હસ્તે પરંપરાગત રીતે વસંત પૂજન - આરતી (મંદિરમાં દેવોનાં સાનિધ્યમાં)
બપોરે ૧૨:૦૦ કલાકે

**રંગોત્સવ (મહોત્સવ સ્થળે)**
શ્રીહરિનાં અપર સ્વરૂપ ત્રણેય ધર્મવંશી ધર્મકુળનાં કરકમળો દ્વારા સંપ્રદાયમાં પ્રથમ વખત ત્રણ અલગ અલગ મંચ પરથી રંગોત્સવનો દિવ્યાનંદ

## રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમ : તા. ૨૦-૧-૨૦૨૩ થી ૨૪-૧-૨૦૨૩ સુધી

સમય : રાત્રે ૮:૦૦ થી ૧૧:૦૦ કલાકે

**નોંધ :- આ મહોત્સવમાં ૧૧,૦૦૦/- થી લઈને ૪૫,૦૦૦/- સુધીની સેવાના યજમાનશ્રીઓને મહાપૂજનમાં બેસવાનો સજોડે લાભ પ્રાપ્ત થશે.**
**- આ મહામહોત્સવમાં ૫૧,૦૦૦/- થી લઈને તમામ મોટા યજમાનશ્રીઓ તેમજ યજ્ઞના તમામ મુખ્ય યજમાનશ્રીઓ સજોડે બેસી યજ્ઞનારાયણને વેદમંત્રની ૠચાઓના ગાન સાથે મહાન પવિત્ર આહુતિઓ પ્રદાન કરશે.**

## મહોત્સવનું લાઈવ પ્રસારણ

KALUPUR MANDIR

સમગ્ર ગુજરાત સહિત દેશ અને વિદેશમાં પ્રસારિત થતી ગુજરાતની અગ્રેસર ધાર્મિક ટીવી ચેનલ શિક્ષા ટીવી પર

GTPL 552 | DL GTPL 577 | IN DIGITAL 907/917 | HARSH CABLE - 518

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી-ડિસેમ્બર-૨૦૨૨

| | |
|---|---|
| તા. ૦૧-૧૨-૨૦૨૨ | પ.ભ.શ્રી મધુબેન વાસુદેવભાઈ ઠક્કર - અમદાવાદ |
| તા. ૦૨-૧૨-૨૦૨૨ | અ.નિ. અમૃતભાઈ નરસિંહભાઈ પટેલ - મણીનગર - હ. આભા, સાજન તથા કિરાત. |
| તા. ૦૪-૧૨-૨૦૨૨ | પ.ભ.શ્રી મેઘા જયેશભાઈ ગજ્જર તથા યશ મનીષભાઈ - નારણપુરા |
| તા. ૦૫-૧૨-૨૦૨૨ | પ.ભ.શ્રી વિમલ ભરતભાઈ સાપરીયા - પુના |
| તા. ૦૫-૧૨-૨૦૨૨ | પ.ભ.શ્રી જતીન ભરતભાઈ સાપરીયા |
| તા. ૦૬-૧૨-૨૦૨૨ | પ.ભ.શ્રી ભરતભાઈ સોમદાસભાઈ પટેલ - મારૂસણાવાળા - નિર્ણયનગર |
| તા. ૦૭-૧૨-૨૦૨૨ | પ.ભ.શ્રી કેયુરકુમાર રમેશભાઈ રામાણી - નિકોલ - હ. સ્વરૂપાબેન. |
| તા. ૦૮-૧૨-૨૦૨૨ | પ.ભ.શ્રી રાજેશ શામજી રાબડીયા - બળદિયા-કચ્છ |
| તા. ૧૦-૧૨-૨૦૨૨ | પ.ભ.શ્રી નિમિષાબેન પંકજભાઈ અમીન - યુ.એસ.એ. - ચિ. તૃષિત તથા રિયાના લગ્ન પ્રસંગે. |
| તા. ૧૧-૧૨-૨૦૨૨ | પ.ભ.શ્રી રાજ કૃષ્ણકાન્ત પટેલ - મેઘરજવાળા - હા. કેનેડા. |
| તા. ૧૬-૧૨-૨૦૨૨ | પ.ભ.શ્રી ડૉ. નરેન્દ્રભાઈ ડી. ભાવસાર - મહેસાણા. |
| તા. ૧૬-૧૨-૨૦૨૨ | પ.ભ.શ્રી મૌલિક આર. ભાવસાર - યુ.એસ.એ. |
| તા. ૨૪-૧૨-૨૦૨૨ | પ.ભ.શ્રી રમેશભાઈ અંબાલાલ પટેલ - હાઈવે પાર્ક - સાબરમતી |
| તા. ૨૫-૧૨-૨૦૨૨ | પ.ભ.શ્રી મેહુલભાઈ કાંતિભાઈ પટેલ - અંબાપુર - હ. કોકીલાબેન કાંતિભાઈ પટેલ - અંબાપુર. |
| તા. ૨૫-૧૨-૨૦૨૨ | પ.ભ.શ્રી વ્રજેશભાઈ રસિકલાલ ભાવસાર - ન્યુ રાણીપ. |
| તા. ૨૬-૧૨-૨૦૨૨ | પ.ભ.શ્રી ધર્મેન્દ્રભાઈ કાનજીભાઈ પટેલ - શ્રી સહજાનંદમ પ્રસાદમ્ - નારણપુરા-અમદાવાદ. |
| તા. ૩૦-૧૨-૨૦૨૨ | પ.ભ.શ્રી હર્ષદભાઈ રસિકભાઈ પટેલ - ભરૂચ (અમેરિકા) |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com**

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "આ સ્થાનનો મહિમા અદ્‌ભુત છે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

**આજે અહિંયા શેના માટે ભેગા થયા છીએ ?** ગમે તે રીતે, મહાપરાણે જાગીને હાજરી પુરી કરવા !!! તો ના આજે તો આપણને એક અમૂલ્ય તક મળી છે. આખી રાત ભગવાનના નામનું સંકીર્તન કરવાનું અને આ પવિત્ર સ્થાનમાં બેસીને જો સાચા મનથી ભગવાનને યાદ કરીશું તો ભગવાન આવશે જ. વ્યાકુળતા અને શ્રધ્ધાથી જો ભગવાનને પોકારો તો ભગવાન આવ્યા વગર રહી શકતા નથી. કદાચ અત્યારે પણ અહિંયા આપણી વચ્ચે જ હોય, પણ આપણે જોઈ શકતા નથી. ભગવાનને જોવા માટે દિવ્ય ચક્ષુ જોઈએ. આપણા જે ચર્મચક્ષુ છે એ માયિક છે. ભગવાન દિવ્ય છે. તો તેમને જોવા માટે દિવ્ય ચક્ષુ જોઈએ. **માયિકતાથી દિવ્યતા જોવાતી નથી. સાચી શ્રધ્ધા, પતિવ્રતા ભક્તિ અને અતૂટ નિષ્ઠાથી આપણા હૃદયને દિવ્યતા પ્રદાન કરી શકાય છે. અને આવા હૃદયમાં ભગવાનનો વાસ હોય છે.** ભગવાનને બેસવા માટે સોના-ચાંદીના સિંહાસનની જરૂર નથી હોતી. એમને તો પોતાના સાચા શરણાગત ભક્તના હૃદયમાં બેસવું ગમે છે. જ્યાં એમના નામનું સંકીર્તન થતું હોય છે ત્યાં ભક્તોની વચ્ચે બેસવું ગમે છે.

આપણે ખૂબજ ભાગ્યશાળી છીએ કે આ ચોકમાં બેસીને ભજન કરવાનો લ્હાવો આપણને મળ્યો છે. **આજે જેટલા બહેનો અહિંયા બેઠા છે તે બધા ભગવાનના કૃપાપાત્ર છે. ભગવાને આજે આપણને પસંદ કર્યા છે. આ પવિત્ર ભૂમિ ઉપર બેસીને ભજન કરવા માટે.** ભગવાનની કૃપા અને દયા વગર સહેલાઈથી આ મળતું નથી. આપણે તો કેટલા ભાગ્યશાળી છીએ કે બધી વસ્તુ એક જ જગ્યાએ મળી ગઈ. અર્થાત્ !! **મહારાજનું જ વચન છે કે ચાર સ્થાને મહારાજ પ્રત્યક્ષરૂપે વિરાજમાન રહેશે. દેવ, આચાર્ય, સત્શાસ્ત્ર અને સાચા સંતો** તો આ બધુ આપણને એકજ સ્થાને પ્રાપ્ત થયું છે કે નહિ !! થયું જ છે. સાચા મનથી નરનારાયણદેવની શરણાગતિ સ્વીકારીએ ને તો બધું આપોઆપ મળી જાય છે.

જેવી રીતે સત્સંગનો મહિમા છે તેવી જ રીતે સ્થાનનો પણ મહિમા હોય છે ભજન, કીર્તન કથા કઈ જગ્યા ક્યા સ્થાને બેસીને કરાય છે એનું પણ બહુ મહત્વ છે. **અને આ સ્થાન જ્યાં આપણે અત્યારે બેઠા છીએ એની પવિત્રતા અને મહત્તા તો કહી ના શકાય એટલી છે. એટલી પવિત્ર છે આ ભૂમિ કે એક ક્ષણ માત્રના સ્પર્શથી કલ્યાણ થઈ શકે છે.** વિચારીને તો જુઓ, આ ભૂમિ ઉપર મહારાજના ચરણ કેટલી વખત પડ્યા છે. કેટલી વખત આ સ્થાનને મહારાજે પોતાના ચરણથી પાવન કર્યું હશે. **મહારાજે જાતે માણકી ઘોડી ફેરવીને આ સ્થાનને પસંદ કર્યું. આખા વિશ્વનું કેન્દ્રબિંદુ આ સ્થાનને બનાવીને વિશ્વનું સર્વ પ્રથમ મંદિર અહિંયા બનાવ્યું. ભરતખંડના રાજા એવા નરનારાયણદેવને અહિંયા જ પોતાના કરકમળોથી પ્રતિષ્ઠિત કર્યા** અને ચોકમાં જ્યાં પ્રસાદીની છત્રી છે ત્યાં કેટલી વખત સભા કરી છે. કહેવાનો અર્થ એ છે કે જે ભૂમિને મહારાજના ચરણકમળોનો સ્પર્શ અસંખ્ય વાર થયો છે એ જ ભૂમિને આપણે સ્પર્શ કરી શકીએ છીએ. અહિંયા કલાકો બેસીને ભજન કરી શકીએ છીએ. **મહારાજના સ્વધામગમન પછી પણ, આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજથી લઈને આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજનું નિવાસસ્થાન આ કાલુપુર મંદિરની હવેલી હતી.** આ બધાના ચરણો પણ આ ભૂમિ ઉપર પડ્યા છે. મોટા મોટા સંતો હરિભક્તોએ પણ અહિંયા બેસીને કેટલી માળા ફેરવી હશે. તપ કર્યું હશે. એમના બધાના તપોબળથી આ ભૂમિ કેટલી દિવ્ય અને પાવન થઈ ગઈ છે. આ બધાની પવિત્ર ચરણરજ જે ભૂમિમા સમાયેલી છે એ ભૂમિ ઉપર આપણને રોજ બેસીને ભજન કરવા મળે છે. **એનાથી મોટી પ્રાપ્તિ જીવનમાં બીજી કઈ હોઈ શકે છે ? તો સ્થાનનો પણ બહુ મોટો મહિમા હોય છે.** આજકાલ તો સત્સંગ, કથા, કીર્તન બધું ટી.વી. અને મોબાઈલ પર થાય છે. પણ મંદિરમાં જઈને દર્શન અને સત્સંગ કરવું અને 'ઓનલાઈન' કરવું એ બેમાં બહુ ફેર છે. જે અનુભૂતિ, શાંતિ અને સકારાત્મક ઉર્જા મંદિરમાં મળે છે એ ઓનલાઈનમાં નથી મળથી. સ્થાનનો પ્રભાવ

હોય જ છે. ક્યારેય વિચાર્યું છે કે તીર્થસ્થાનમાં મંદિરોમાં ખુલ્લા પગે જવાનો આગ્રહ કેમ હોય છે ? એક સામાન્ય કારણ તો સ્વચ્છતા છે કે મંદિર જે ભગવાનનું ઘર છે. પવિત્ર છે. તેમાં આપણા પગરખાની ગંદકી ના જાય. બીજું મહત્વનું કારણ એ છે કે જે ભૂમિમાં ભગવાન અને મોટા મોટા સત્પુરુષોના ચરણનો સ્પર્શ થયો હોય તે ભૂમિનો આપણને સીધો સ્પર્શ થાય એનાથી આધ્યાત્મિકતાના સીધા સ્પંદનો આપણને મળે છે. અને બુદ્ધિની શુધ્ધિ થાય છે અને આપણને તો રોજ આવી દિવ્યભૂમિના સ્પર્શનો લાભ મળે છે. તો તક મળી છે તો લાભ લઈ લેવાનો.

**અત્યારે આ ક્ષણથી જ નક્કી કરી લો કે અત્યાર સુધી જે થયું એ થયું પણ હવેથી આ મંદિરમાં પ્રવેશ કર્યા પછી જીવનપર્યંત જાણતા તો કાંઈ પણ અધર્માચરણ નહિ કરું, એવું નિયમ આજથી અત્યારથી પોતાના પાસેથી પોતાની જાતને નિયમ લેવડાવો કે હવે એવા કાર્યો મન કર્મ વચનથી નહિ જ કરું, કે જેનાથી આ ભૂમિમાં આવ્યા પછી પણ કલ્યાણ અટકી જાય.** ઘણા લોકોને જોયા છે જે દસ પંદર દિવસ મંદિર આવ્યા પછી બંધ થઈ જાય છે. દેખાતા જ બંધ થઈ જાય છે. કોઈને કોઈ અવગુણ લઈને જતા રહે છે. કારણ એક જ છે, કે પોતાના સ્વભાવગત દોષોના કારણે તક મળી હોવા છતાં પોતાનું કલ્યાણ જાતે જ અટકાવી દે છે. મળેલી તકનો લાભ નથી લઈ શકતા. એટલે સચેત રહેવું પડે છે. વિવેક રાખવો પડે છે. જગ્યાનો વિવેક પણ જાળવવો પડે છે. આપણે જે જગ્યાએ જઈએ છીએ તો એ સ્થાન પ્રમાણે વર્તન કરીએ છીએ ને ? મોટા માણસ પાસે જાઓ છો તો કેવી રીતે વિવેકપૂર્ણ વર્તન કરો છો. **તો આ તો ભરતખંડના રાજાનું ઘર છે. અહિંયા તો વિશેષ ધ્યાન રાખવુ પડે. આ સ્થાન અલૌકિક છે. અલૌકિક સ્થાનમાં લૌકિક વર્તન ના કરાય. પોતાના કલ્યાણ માટે આટલું તો કરવું જ પડે.** વ્યવહારિક જગતમાં જેવી રીતે માણસ વિચારે છે કે જ્યાં સુધી હાથ પગ ચાલે છે ત્યાં સુધી મહેનત કરી કમાઈ લઈએ. છેલ્લા સમયે જ્યારે હાથ-પગ નહિ ચાલે ત્યારે કામ આવશે. બરાબર છે. કરવું પડે એમાં કાંઈ ખોટું નથી. કરવું જ જોઈએ. ગૃહસ્થ છો ઘર પરિવાર છે. જીવન જીવવા માટે કરવું પડે છે. એવી જ રીતે આધ્યાત્મિક કમાઈ પણ કરી લેવાની જે છેલ્લા સમયે કામ આવશે. **વ્યવહારિક કમાઈ એટલે જમા કરેલું ધન જે ભૌતિક જરૂરિયાત પુરી કરે છે. આધ્યાત્મિક કમાઈ એટલે જમા કરેલી ભક્તિ જે છેલ્લા શ્વાસ વખતે કામ આવે છે.** તો અત્યારે જ્યારે તક છે. સમય છે, હાથ પગ ચાલે છે. સાનુકૂળતા છે તો આધ્યાત્મિક કમાઈ કરી લો. **૮૪ લાખ ફેરા કરતા માળા ફેરવવી વધારે સારી. આવું મંદિર, આવી ભૂમિ, આવા નરનારાયણદેવ મળ્યા છે. બીજું શું જોઈએ ? જેવા ધારો એવા બની શકો છો.** આજ સવારે જ કંઈ વાત થતી હતી તો મંજુબાએ કીધું કે : ''આ તો મોટું કારખાનું છે. ભગવાન બનાવીને ગયા છે.'' તો મને થયું કે કારખાનું એટલે ફેકટરી કહેવાય મેં એવું કીધું તો મંજુબાએ કીધું કે ''પહેલાના જમાનામાં જે મોટુ બાંધકામ થતું હતું એને કારખાનું કહેવામાં આવતું હતું''. તો મેં કીધું : ''મેં એવું કાંઈ સાંભળ્યું નથી.'' પણ પછી વિચાર આવ્યો કે, **ખરેખર આ કારખાનું જ છે.** જેવી રીતે કારખાના (ફેકટરી)માં કાંઈક બનતું હોય છે. પ્રોડકશન થતું હોય છે. **એવી જ રીતે અહિંયા પાકા કહેતા શ્રધ્ધા અને નિષ્ઠાવાન સત્સંગી બને છે. પણ જેને ખપ હોય એ જ બની શકે છે.** જેમ ફેકટરીમાં કોઈ વખત અમુક કાચો માલ (રો મટીરિયલ) એવો આવી જાય છે કે તેનાથી પાકો માલ તૈયાર થઈ શકતો નથી. પાછો આપવો પડે છે. એવી જ રીતે અહિંયા પણ પોતાના સ્વભાવના લીધે અમુક લોકો આવીને પાછા જતા રહે છે. જેવી રીતે ફેકટરીમાં બધું હોય છે. બધી તૈયારી હોય છે. પણ જ્યારે કાચો માલ જ તૈયાર ન હોય કે ખરાબ હોય તો કારખાનાનો શો દોષ ? જગતમાં તો ફેકટરી અને મશીનમાં દોષ હોય છે. જેના કારણે પણ મુશ્કેલી થાય છે. પણ ભગવાને જે બનાવીને આપ્યું છે. તો અહિંયા તો કોઈ ખોટ કે કોઈ ખરાબી છે જ નહિ. અને પ્રલય સુધી નથી થવાની. અહિંયા બધી તૈયારી છે. તૈયાર તમારે થવાનું છે. ખપ અને નિષ્ઠા હશે અને નરનારાયણદેવ પ્રત્યે પ્રેમ હશે તો બધુ શક્ય છે. **તમારા પર નિર્ભર છે કે આવી ભૂમિમાં આવીને નરનારાયણદેવના રોજ દર્શન કરીને જીવનમાં તમને મળેલી તકનો લાભ લઈ શકો છો કે નહિ, અહિંયા તો બધું છે. તો આજથી નક્કી કરી લો દૃઢ પ્રતિજ્ઞા લઈ લો કે આ જન્મને છેલ્લો જન્મ બનાવી દેવો છે.**

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ ધનુર્માસ ધૂન મહોત્સવ

ભરતખંડના રાજાધિરાજ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના પરમ સાનિધ્યમાં તથા સમસ્ત ધર્મકુળના આશીર્વાદ સહ આજ્ઞાથી તથા કાલુપુરમંદિરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં તા. ૧૬ ડિસેમ્બર-૨૦૨૨ થી દર વર્ષની જેમ આ વરસે પણ ધનુર્માસ ધૂન મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ. પ્રાતઃ ૫-૦૦ કલાકે સૌ પ્રથમ રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ સંત-હરિભક્તો દ્વારા શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન, ત્યારબાદ મંગળા આરતી બાદ પ્રસાદીના ભવ્ય સભા મંડપમાં સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની મહામંત્ર ધૂન સવારે ૬-૦૦ થી ૭-૦૦ પર્યન્ત હજારો સંત-હરિભક્તો દ્વારા વાજિંત્ર, ઢોલ, નગારા, ત્રાંસા, હારમોનિયમના તાલે થઈ હતી. આ મહા અલૌકિક ધૂનમાં નાના નાના બાળકો, યુવાનો અને વૃદ્ધો સહિત સવારમાં વહેલા ઉઠી નાહી, ધોઈ પૂજા પાઠ કરી ધૂનમાં લાભ લેવા સમયસર આવતા હતા. આખા માસની ધૂનના યજમાનને પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અલૌકિક મૂર્તિ ભેટ રૂપે આપવામાં આવી હતી. વરસમાં એકવાર આવતો આવો ધનુર્માસ અન્યને માટે કમૂર્હતા ગણાય છે અને શ્રીહરિના આશ્રિતજનો માટે તો અવસર-ઉત્સવ ગણાય છે. ઠંડીએ પણ જોર પકડ્યું હતું છતાં પણ સભામંડપમાં બેસવાની જગ્યા મળતી નહોતી. આ અમદાવાદ શહેરમાં આપણા શ્રી નરનારાયણદેવ દેશના નાના-મોટા ૬૦ ઉપરાંત મંદિરો છે. દરેક મંદિરમાં ધનુર્માસ ધૂન થાય છે. દરેક મંદિરમાં પગ મુકવાની જગ્યા મળતી નહોતી તોય ભક્તો ઉભા ઉભા લાભ લેતા હતા. (કોઠારી સ્વામી કાલુપુર મંદિર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ગોમતીપુરમાં ધૂન

શ્રી નરનારાયણદેવ તાબાનું ગોમતીપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૬ ડિસેમ્બર થી આખો માસ સૌ હરિભક્તોએ પ્રાતઃસમૂહમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન-ભજન કીર્તન આદિ કર્યા હતા.

(શ્રીનરનારાયણદેવ યુવક મંડળ ગોમતીપુર)

### બાલાસિનોર ગામે શાકોત્સવ

ભરતખંડના રાજાધિરાજ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ તથા બાલાસિનોર મંદિરમાં બિરાજમાન પ્રસાદીના શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શન પ્રમાણે બાલાસિનોર ગામને આંગણે ભવ્ય-દિવ્ય શાકોત્સવ તા. ૭-૧૨-૨૦૨૨ ના રોજ સંપન્ન થયો.

આ શાકોત્સવ પ્રસંગે પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારીને સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ યજમાનશ્રીઓના ઘેર પધરામણી કરી હતી. બાળ મંડળ અને યુવક મંડળે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ કર્યો હતો. જેતલપુર બાવળા તથા કાલુપુર મંદિરથી સંતોએ પધારી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. શાકોત્સવના મુખ્ય યજમાન પદે પ.ભ. રાકેશભાઈ કાછીયાએ લાભ લીધો હતો. આસપાસના ગામોના ઘણા ભક્તો શાકોત્સવમાં લાભ લેવા પધાર્યા હતા. (જનમંગલદાસ સ્વામી - જેતલપુરધામ)

### ડાંગરવા શ્રી સ્વામિનારાયણ મંદિર (પાટીદાર) નો ૨૦ મો વાર્ષિક પાટોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા વાલી મંદિરના મહંત સ.ગુ. દેવપ્રસાદદાસજી સ્વામી તથા જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન-પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણરજથી અંકિત મહાપ્રસાદીભૂત - ડાંગરવા ગામના મંદિરનો ૨૦ મો વાર્ષિક પાટોત્સવ તા. ૨-૧૨-૨૦૨૨ થી ૬-૧૨-૨૦૨૨ સુધી ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાહન પારાયણ શા. ધર્મનંદનદાસજી સ્વામી (જેતલપુરધામ)ના વક્તાપદે થઈ હતી. સમગ્ર આયોજન સ.ગુ. શા.

પ્રેમપ્રકાશદાસજી સ્વામી (હિંમતનગર મહંતશ્રી) તથા સમગ્ર વાલી મંડળના સંતો દ્વારા કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ પ્રસંગે તા. ૪-૧૨-૨૨ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને દર્શન આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામથી સંતો તથા સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. મહોત્સવમાં પોથીના મુખ્ય યજમાન અ.નિ. ભક્તિભાઈ આત્મારામદાસ પટેલ તથા પ.ભ. શ્રી બળદેવભાઈ વિસાભાઈ પટેલ તેમજ અન્ય નાના-મોટા યજમાનશ્રીઓએ સેવાનો લાભ લીધો હતો.

(શા. ધર્મનંદનદાસ સ્વામી - જેતલપુરધામ)

**કૂજાડ ગામે પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ**

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન-પ્રેરણાથી પ્રસાદીના કુજાડ ગામે જુના શ્રી સ્વામિનારાયણ મંદિરની જગ્યાએ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર નિર્માણ સાથે કોમ્યુનિટી હોલનું પણ નિર્માણ પૂર્ણ થતા જેની પ્રાણપ્રતિષ્ઠા તા. ૧૦-૧૨-૨૦૨૨ ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ સ્વહસ્તે વિધિવત રીતે સંપન્ન થઈ હતી. ગામના દરેક હરિભક્તોના સાથ સહકારથી તથા સેવાથી ખૂબ ધામધૂમથી ઉત્સવ ઉજવાયો હતો.

(ધર્મનંદનદાસજી સ્વામી - જેતલપુરધામ)

**મનીપુર ગામે શાકોત્સવ**

ભરતખંડના અધિષ્ઠાતા શ્રી નરનારાયણદેવ, ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન-આયોજન પ્રમાણે ગામ શ્રી મનીપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૧-૧૨-૨૦૨૨ ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન થયું હતું.

આ શાકોત્સવ પ્રસંગે વયોવૃદ્ધ પૂ. સ.ગુ. સ્વામી શ્યામચરણદાસજી, શા. સ્વામી ધર્મનંદનદાસજી, સ્વામી જગતપ્રકાશદાસજી, સ્વામી જનમંગલદાસજી આદિક સંતો પૂ. સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુરધામ મહંતશ્રી) સાથે પધારી સત્સંગ સભાનો લાભ આપ્યો હતો. શાકોત્સવનો પ્રસાદ ગામના આસપાસના વિસ્તારના ભક્તોએ પ્રાપ્ત કર્યો હતો. આ સમગ્ર શાકોત્સવના યજમાન પદે પ.ભ. જગદીશભાઈ ભગવાનભાઈ તથા પ.ભ. જેન્તિભાઈ મણીલાલ પટેલ ભગત પરિવારે અલભ્ય લાભ લીધો હતો.

(જનમંગલદાસ સ્વામી - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રામોલ (જામફળ વાળી) માં શાકોત્સવ અને બ્લડ ડોનેશન કેમ્પ**

પરમ કૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ્વામીશ્રી પુરુષોત્તમપ્રકાશદાસજી (મહંત શ્રી સેક્ટર ૨ ગાંધીનગર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર રામોલ જામફળવાડી ના ૧૦ માં વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં અનેકવિધ સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિ નું આયોજન શાસ્ત્રી સ્વામી વ્રજભૂષણદાસજી દ્વારા કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સમૂહ જનમંગલ પાઠ, ધૂન અને દિવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ સામાજિક પ્રવૃત્તિ અંતર્ગત બ્લડ ડોનેશન કેમ્પનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ઉનાવા થી પધારેલ સ્વામી દેવપ્રકાશદાસજી સહિત ૪૦ જેટલા હરિભક્તોએ બ્લડ ડોનેટ કર્યું હતું. આ પ્રસંગમાં સ્વામી શ્રી પુરુષોત્તમપ્રકાશદાસજી (મહંત શ્રી સેક્ટર-૨ ગાંધીનગર) સંત મંડળ સહિત પધાર્યા હતા અને અમદાવાદ કાલુપુર મંદિર થી નરનારાયણદેવના પૂજારી બ્રહ્મચારી રામેશ્વરાનંદજી પધાર્યા હતા.

(સ્વામી ધર્મસ્વરૂપદાસજી - ગાંધીનગર)

**શ્રી સહજાનંદ ગુરુકુળ (કોટેશ્વર)નો છઠ્ઠો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો**

પરમ કૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ્વામીશ્રી પુરુષોત્તમપ્રકાશદાસજી (મહંતશ્રી સેક્ટર-૨ ગાંધીનગર)ની પ્રેરણાથી શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર ના છઠ્ઠા વાર્ષિક પાટોત્સવ અંતર્ગત સદ્ગુરુ શાસ્ત્રી શ્રી રામકૃષ્ણ દાસજીના વક્તા પદે "શ્રીરામચરિત માનસ" કથાનું સુંદર આયોજન થયું હતું. જેમાં સભા સંચાલન સ.ગુ. શાસ્ત્રી શ્રી નારાયણમુનિદાસજી (મહંતશ્રી કોટા)એ કર્યું હતું.

**કોટેશ્વર ગુરુકુળમાં હરિગીતા પારાયણ :** સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર ખાતે સદ્ગુરુ શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તા પદે શ્રી હરિગીતા કથાનું સુંદર આયોજન પ.ભ. મૌલિક રમેશભાઈ અંબાલાલ પટેલના યજમાન પદે થયું હતું. જેમાં સભા સંચાલન પાર્ષદ મહેન્દ્ર ભગતે કર્યું હતું. (સ્વામીશ્રી દેવપ્રકાશદાસજી - ઉનાવા)

**ઇસંડ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા**

પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (સેક્ટર-૨ ગાંધીનગર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઈસંડનો જીર્ણોદ્ધાર સંપૂર્ણ પૂર્ણ થતા નિજ મંદિરમાં પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી ના વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણપ્રતિષ્ઠા વિધિવત રીતે સંપન્ન થઈ હતી. ઠાકોરજીને સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. પ્રતિષ્ઠા અંતર્ગત સંપ્રદાયના મૂર્ધન્ય વક્તા સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીના મુખે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગમાં સ.ગુ. સ્વામી શ્રી પુરુષોત્તમપ્રકાશદાસજી સંત મંડળ સહિત અને ધામો ધામ થી સંતો પધાર્યા હતા. સમગ્ર મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

(સ્વામીશ્રી દેવપ્રકાશદાસજી ઉનાવા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા સાર્ધ શતાબ્દી મહોત્સવ**

પરબ્રહ્મ પરમાત્મા સર્વોપરી શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ માણસા મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી ધર્મકિશોરદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નારાયણસ્વરૂપદાસજીની સુંદર પ્રેરણા માર્ગદર્શનથી માણસા મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો સાર્ધ શતાબ્દી મહોત્સવ (૧૫૦ વર્ષ) તા. ૧૮ થી ૨૨ ડિસેમ્બર દરમ્યાન ભવ્યતાથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)ના વક્તાપદે થઈ હતી. આ ઉપરાંત વિજયસ્તંભ, વેદ પારાયણ, તુલસીપત્ર અર્ચન વિધિ, શ્રી વિષ્ણુયાગ, સહિંતા પાઠ, સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેક વિધ કાર્યક્રમો થયા હતા. પ્રસંગ દરમ્યાન પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તા. ૨૦-૧૨-૨૨ ના રોજ પધાર્યા હતા. અને સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૨૨-૧૨-૨૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને નિજ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. સભામાં કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારીને ઉત્સવના નાના મોટા તમામ યજમાનોનું અને મહંત સ્વામી આદિ સંત મંડળનું સન્માન કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ ઉત્સવમાં ધામોધામથી સંતો અને સાંખ્યયોગી બાઈઓ પણ પધાર્યા હતા. મહંત સ્વામીના ગુરુ પૂ. મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી સમગ્ર ઉત્સવમાં પ્રેરક રહ્યા હતા. (કોઠારીશ્રી માણસા મંદિર).

**કલોલ (પંચવટી) શ્રી સ્વામિનારાયણ મંદિર પંચમ પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં સ.ગુ. શા. સ્વામી ગુરુપ્રસાદદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (પંચવટી) શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજનો પંચમ પાટોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની કથા પૂ. સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)ના વક્તાપદે થઈ હતી. કથા દરમ્યાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લા દિવસે તા. ૩૦-૧૧-૨૨ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધારી સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે શ્રીમહાવિષ્ણુયાગ ભગવાનનો ભવ્ય રાજોપચાર અને કલોલ શહેરમાં ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. સમગ્ર આયોજન અત્રે મંદિરના મહંત શા. યજ્ઞપ્રકાશદાસજી અને હરિભક્તોએ કર્યું હતું. દેશ વિદેશના હજારો સંત હરિભક્તોએ અલૌકિક લાભ લીધો હતો.

(મહંત સ્વામી કલોલ)

## (મૂળી પ્રદેશ)

**મૂળી "ઉત્સવ"ના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડી શાકોત્સવ**

મૂળીધામ નિવાસી પરમકૃપાળુ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામીની પ્રેરણાથી લીંબડી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂળી મંદિરના "ઉત્સવ"ના ઉપલક્ષમાં તા. ૨૨-૧૨-૨૨ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ સંપન્ન થયો હતો. જેમાં હજારો હરિભક્તોએ લાભ લીધો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌ હરિભક્તોને મૂળી મંદિરના ઉત્સવમાં તન, મન અને ધનથી સેવા કરવા આશીર્વાદમાં જણાવ્યું હતું. આ પ્રસંગે મૂળી ધામના અનેક સંતો પધાર્યા હતા. (મહંત સ્વામી લીંબડી)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**ભાદરવા સુદ-૨** પ.ભ. અ.નિ. હંસાબેન દિનેશભાઈ સોની (અમદાવાદ), પ.ભ. પ્રવિણચંદ્ર રામાભાઈ પટેલ (વડોદરા), પ.ભ. બાવડીયા ચંપાબેન લાલજીભાઈ (નિકોલ), પ.ભ. મધુભાઈ, મોહનભાઈ, ઘનશ્યામભાઈ (નિકોલ), પ.ભ. ચૌધરી લીલાબેન દિલીપભાઈ (પ્રતાપપુરા). **ભાદરવા સુદ-૩** પ.ભ. મધુભાઈ ધરમશીભાઈ પટેલ (અમદાવાદ). **ભાદરવા સુદ-૪** પ.ભ. ભગવાનજી લાલજી અધેરા (અમેરિકા), પ.ભ.અ.નિ. તારાબેન જોશી (ઉતરાખંડ), પ.ભ. આર્યન મહેશભાઈ પટેલ (કુડાસણ), પ.ભ. હિંમતભાઈ વશરામભાઈ લક્કડ (અમદાવાદ). **ભાદરવા સુદ-૫** પ.ભ. વિનોદભાઈ અધેરા (અમેરિકા). **ભાદરવા સુદ-૬** પ.ભ. વૃજેશ ધીરૂભાઈ સેલડીયા (અમદાવાદ), પ.ભ.અ.નિ. નગીનભાઈ પ્રેમજીભાઈ પટેલ, પ.ભ. પટેલ ત્રિકમભાઈ બેચરભાઈ (સાબરમતી). **ભાદરવા સુદ-૭** પ.ભ. સાન્વીબેન ભાવેશભાઈ (સરા), પ.ભ. વાઘેલા જીતેન્દ્રસિંહ ગંભીરસિંહ (ગોધાવી), પ.ભ.અ.નિ. સોની ઈલાબેન દિનેશભાઈ, પ.ભ. અશોકભાઈ ચૌધરી (વાલી રાજ.). **ભાદરવા સુદ-૮** પ.ભ. કુશ રાજુભાઈ (સાબરમતી), પ.ભ.અ.નિ. નાગજીભાઈ દુધાભાઈ જીયાણી (કુંડળ), પ.ભ. જયંતભાઈ પરસોતમભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. પટેલ પૂજન મૌલિકભાઈ (દેવડા) **ભાદરવા સુદ-૧૦** પ.ભ. દેવજી માવજી જસાણી (બળદીયા-કચ્છ), પ.ભ. નિતીનભાઈ જયંતીભાઈ વાલાણી (અમદાવાદ), પ.ભ.અ.નિ. માવજીભાઈ શીવજીભાઈ ભાવાણી (ગડાની-કચ્છ), પ.ભ.અ.નિ. માનબાઈ માવજીભાઈ ભાવાણી (ગડાની-કચ્છ) **ભાદરવા સુદ-૧૨/૧૩** પ.ભ. પટેલ જનકકુમાર ગોપાલદાસ (અમદાવાદ), પ.ભ.અ.નિ. રતનબાઈ વિસરામ પિંડોરીયા (માનકુવા-કચ્છ), પ.ભ. રાવજીભાઈ ડાયાભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ગોવિંદભાઈ નાનજીભાઈ ગોરસીયા (સુખપર-કચ્છ), શ્રી રાધાકૃષ્ણદેવ (મુંબઈ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. લાલજી પરબત ભંડેરી (માંડવી-કચ્છ). **ભાદરવા સુદ-૧૪** પ.ભ. શ્રીશિવાંસ છત્રસિંહ પરમાર (સાણંદ). **ભાદરવા સુદ-૧૫** પ.ભ.અ.નિ. ભરતભાઈ જાદવજીભાઈ સોની (અમદાવાદ), ભક્તિ મહિલા મંડળ (જીરાગઢ), પ.ભ. મંજુબેન મનજીભાઈ હાલાઈ (માંડવી-કચ્છ), પ.ભ.અ.નિ. ચિમનલાલ ગોરધનદાસ પૂજારા (અમદાવાદ), પ.ભ. ગોપાલ કાનજીભાઈ વેકરીયા (સુખપર-કચ્છ)

**ભાદરવા વદ-૧** પ.ભ. દિલીપસિંહ ગોવિંદસિંહ ડાભી (ચાંદલોડીયા), પ.ભ. ધનજીભાઈ મનજીભાઈ ગજ્જર (અમદાવાદ), પ.ભ. મનોજકુમાર જયંતીલાલ (ડાંગરવા), પ.ભ.અ.નિ. ચંદ્રિકાબેન ફુલચંદદાસ સોની (અમદાવાદ), પ.ભ. જયેશભાઈ વાસુદેવભાઈ ભુવા (આણંદ), પ.ભ.અ.નિ. રતનબેન લવજીભાઈ ચૌધરી (બાલવા), પ.ભ. દેવ રૂપેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મનોજભાઈ એસ. સોની, પ.ભ. ઘનશ્યામસિંહ રાણા (ગાંધીનગર), પ.ભ.અ.નિ. અશોકકુમાર જયંતીલાલ સોની (અમદાવાદ). **ભાદરવા વદ-૨** પ.ભ.અ.નિ. ભૂપતભાઈ નાનજીભાઈ શિંગાળા (અમદાવાદ), મહિલા મંડળ (સુરત), પ.ભ. બળદેવભાઈ પટેલ (રાજપુર), પ.ભ. શૈલેષકુમાર અમૃતલાલ પટેલ (ઈટાદરા). **ભાદરવા વદ-૩** પ.ભ.અ.નિ. જસવંતભાઈ રણછોડલાલ ભાવસાર (અમદાવાદ), પ.ભ. ભીખાભાઈ ગોવિંદભાઈ પરમાર (અમદાવાદ), પ.ભ. દેવકુંવરબેન વલ્લભભાઈ સુતરીયા (ધંધુકા). **ભાદરવા વદ-૪** પ.ભ. કેસરબાઈ રામજી હાલાઈ (કચ્છ). **ભાદરવા વદ-૫** પ.ભ. પટેલ જયંતીભાઈ પ્રભુદાસ લલ્લુભાઈ (ઝુંડાલ), પ.ભ.અ.નિ. મંગળદાસ હરગોવિંદદાસ પટેલ, પ.ભ. શરદભાઈ બાબુભાઈ શાહ (અમદાવાદ), પ.ભ. કુંવરજીભાઈ ઝીણાબાઈ કેરાઈ (નારાયણપર-કચ્છ), પ.ભ. નૈનેશભાઈ ટી. ગાંધી (અમદાવાદ). **ભાદરવા વદ-૬** પ.ભ.અ.નિ. મનુભાઈ પ્રભુદાસભાઈ પટેલ (કુંડાળ), પ.ભ.અ.નિ. બાબુભાઈ ડાહ્યાભાઈ પટેલ (કાળીગામ), પ.ભ.અ.નિ. કલાબેન રમણલાલ પટેલ (રાણીપ), પ.ભ. યોગેશ ધનજીભાઈ પટેલ (અમદાવાદ). **ભાદરવા વદ-૭** પ.ભ.અ.નિ. બાબુભાઈ જીવરાજભાઈ (અમદાવાદ), પ.ભ. હરેશભાઈ મફતભાઈ ગદાણી (અમદાવાદ), પ.ભ. અશોકભાઈ હરિભાઈ કથીરીયા (અમદાવાદ), પ.ભ. રમેશભાઈ મારફતીયા (જોરણંગ), પ.ભ. સવિતાબેન ઓધવજીભાઈ ભાલાણી (અમદાવાદ), અ.નિ. સ્વામી લક્ષ્મીનારાયણદાસજી (રાજકોટ ગુરુકુળ), પ.ભ. લક્ષ્મીબેન કુંવરજી રાઘવાણી (બળદીયા-કચ્છ), પ.ભ. દેવદાસભાઈ બચુભાઈ સુહાગીયા (ગાંધીનગર). **ભાદરવા વદ-૮.** પ.ભ. અમૃતભાઈ પ્રહલાદભાઈ પટેલ (બાપુનગર), પ.ભ. વસંતકુમાર નટવરભાઈ પટેલ (સોજા), પ.ભ. મંગળભાઈ મરઘાભાઈ (ઝુંડાલ), પ.ભ. જયકૃષ્ણ પ્રવિણભાઈ પટેલ (અમદાવાદ). **ભાદરવા વદ-૯** પ.ભ. સોની પ્રવિણભાઈ ખુશાલદાસ (અમદાવાદ), પ.ભ.અ.નિ. છગનભાઈ જસમતભાઈ ઝાંઝરકીયા (અમદાવાદ), પ.ભ. પટેલ નયનભાઈ દશરથભાઈ (અમદાવાદ), પ.ભ. પટેલ મહેશકુમાર ભુદરભાઈ (નરોડા), પ.ભ.અ.નિ. રામજીભાઈ મનજી વરસાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. અરવિંદભાઈ બચુભાઈ પટેલ (અમદાવાદ). **ભાદરવા વદ-૧૦** પ.ભ.અ.નિ. મગનભાઈ મથુરભાઈ પટેલ (બોદાલ), પ.ભ. નર્મદાબેન જેઠાલાલ પટેલ (વડોદરા), પ.ભ. ગોવુભા કાનજીભા વાઘેલા (ગોધાવી), પ.ભ. કૌશલેન્દ્ર ભરતભાઈ લવજીભાઈ પટેલ (બાયડ), પ.ભ. બાબુલાલ શિવલાલ ઠક્કર (અમદાવાદ), પ.ભ. ઈન્દુમતીબેન શાહ, રમણલાલ એન. શાહ, પ.ભ. કીર્તિકુમાર જીવણલાલ મોદી (અમદાવાદ), હવેલી મહિલા મંડળ (કાલુપુર મંદિર). **ભાદરવા વદ-૧૨** પ.ભ.અ.નિ. મધુબેન કાંતિલાલ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. રૂક્ષ્મણીબેન અંબાલાલ પટેલ (ઝુલાસણ), પ.ભ.અ.નિ. રણછોડભાઈ કાશીરામભાઈ પંડ્યા (ભાવનગર), પ.ભ. કુંદનબા નાગદાન સોનીવાળા (અમદાવાદ), પ.ભ.અ.નિ. વર્ષાબેન મહેન્દ્રભાઈ ચોકસી (મોરબી), પ.ભ.અ.નિ. ભીમજીભાઈ મેઘજીભાઈ ડોબરીયા (અમદાવાદ), પ.ભ.અ.નિ. શાંતિબેન

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

નારણભાઈ પટેલ (દેવપુરા), શ્રી બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ (અમદાવાદ), પ.ભ. ચૌધરી કાંતાબેન અમૃતભાઈ (મકાખાડ), પ.ભ. વિનુભાઈ પોપટભાઈ પડશાળા (બાપુનગર), પ.ભ. સારંગ જાદવજી ગોરસીયા (બળદીયા-કચ્છ), પ.ભ.અ.નિ. મંજુલાબેન શંકરભાઈ (ધનસુરા), પ.ભ.અ.નિ. દિવાળીબેન વલ્લભભાઈ નસીત (અમદાવાદ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ). **ભાદરવા વદ-૧૩** પ.ભ.અ.નિ. દિનેશ માણેકલાલ ભાવસાર (અમદાવાદ), પ.ભ.અ.નિ. કનુભાઈ પરીખ, પ.ભ. લીલાબેન કાનજીભાઈ પટેલ (જામનગર). **ભાદરવા વદ-૧૪** પ.ભ.અ.નિ. રામજીભાઈ નાનજીભાઈ સુહાગીયા (બાપુનગર), પ.ભ. તેજસ પાર્થ રમેશ રાબડીયા (સરલી-કચ્છ), પ.ભ. નટવરભાઈ રૂપસિંહભાઈ ખત્રી (ભાભરવાળા), પ.ભ.અ.નિ. શિવજી પ્રેમજી ભૂવા, પ.ભ. કાનજી નારણ વેલાણી (સુખપર-કચ્છ). **ભાદરવા વદ-૩૦** પ.ભ. મેહુલ આર. પટેલ (વાવોલ), પ.ભ. ગીરીશભાઈ ચિમનભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. વિષ્ણુપ્રસાદ એમ. ઠાકર (અમદાવાદ), પ.ભ.અ.નિ. કેશવલાલ લખાભાઈ પટેલ (અસલાલી), પ.ભ.અ.નિ. સાવિત્રીબેન પરીખ, પ.ભ.અ.નિ. બાબુભાઈ સોમાભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. ઉષાબેન પરમાનંદભાઈ પટેલ (રાણીપ), પ.ભ.અ.નિ. કૈલાસબેન હસમુખભાઈ શાહ (અમદાવાદ), પ.ભ.અ.નિ. હંસાબેન બાબુલાલ સોની (અણદાવાદ), પ.ભ. પટેલ કિરીટભાઈ બકોરભાઈ (લવારપુર), પ.ભ.અ.નિ. નટવરભાઈ ભાવસાર, અ.નિ. ગીતાબેન ભાવસાર (કાલુપુર), પ.ભ. મોક્ષ કવલકુમાર પટેલ (અમદાવાદ), અ.નિ. સ.ગુ. સ્વામી શ્રીજીપ્રસાદદાસજી (અમદાવાદ), પ.ભ.અ.નિ. સોની ચુનીલાલ (અમદાવાદ)

**આસો સુદ-૧** પ.ભ. અનુરાધા સિનોય (ગાંધીનગર), પ.ભ.અ.નિ. જગદીશભાઈ ત્રિભોવનભાઈ પટેલ (કંડારી), પ.ભ. ઘનશ્યામ સી. પટેલ (અમદાવાદ). **આસો સુદ-૨** પ.ભ. જસુબેન લાલજી ભૂવા (સુખપર-કચ્છ), પ.ભ. રામજી લાલજી વેકરીયા (ભુજ-કચ્છ), પ.ભ. રામુબેન દેવસીભાઈ (દરેડ). **આસો સુદ-૩** પ.ભ. પ્રવિણભાઈ દેવજીભાઈ ઠક્કર (અંજાર-કચ્છ), પ.ભ.અ.નિ. દેવજીભાઈ કરશનભાઈ તેજાણી (સુરત), અ.નિ. કોઠારી સ્વામી યોગેશ્વરદાસજી ગુરુ શા. સ્વા. ઉત્તમચરણદાસજી (પંચાળા). **આસો સુદ-૪** પ.ભ. કુવરબેન જેઠાલાલ વેલાણી (સુખપર-કચ્છ), પરમપૂજ્ય શ્રી બિન્દુરાજા પ્રફુલકુમાર દ્વિવેદી (ન્યુજર્સી). **આસો સુદ-૫** પ.ભ. આહાન સન્ની પટેલ (સાબરમતી). **આસો સુદ-૬** પ.ભ. જમનભાઈ કાનજીભાઈ માલવીયા (અમદાવાદ). **આસો સુદ-૭** પ.ભ. સન્નીભાઈ જયંતિભાઈ પટેલ (ઝુંડાલ). **આસો સુદ-૮** પ.ભ. અશોકભાઈ જોઈતારામ પટેલ (ડાંગરવાવાળા), પ.ભ.અ.નિ. જીવીબાઈ વાલજી (ભક્તિનગર). **આસો સુદ-૯** પ.ભ.અ.નિ. પાર્વતીબેન વાલજીભાઈ ધાનાણી (સુખપર-કચ્છ). **આસો સુદ-૧૦** પ.ભ. કાંતિલાલ માવજી ખીમાણી (દહીંસરા-કચ્છ). **આસો સુદ-૧૧** પ.ભ.અ.નિ. લાલજી મનજી ભૂડીયા (કોડકી-કચ્છ), પ.ભ. અંકિતભાઈ કોમલબેન પટેલ (બોસ્ટન), પ.ભ. કેસરા રામજી ભંડેરી (રામપર-કચ્છ). **આસો સુદ-૧૨** પ.ભ.અ.નિ. સવિતાબેન અમૃતલાલ (જસમતપુરા), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. ઘનશ્યામભાઈ શાંતિલાલ કા. (હાલોલ), પ.ભ. કાંતાબેન ઘનશ્યામભાઈ પટેલ (રાણીપ), પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (રાધાજી) (સરસપુર), પ.ભ. ડાહ્યાભાઈ વિરજીભાઈ (હળવદ), પ.ભ. ધનજીભાઈ રામાભાઈ સતાસીયા (નાના મુજ્યાસર), પ.ભ. કેયાબેન વિપુલકુમાર પટેલ (નેત્રામલી), પ.ભ.અ.નિ. સવિતાબેન લાલજીભાઈ ગોહિલ (અમદાવાદ). **આસો સુદ-૧૩/૧૪** પ.ભ. દનાભાઈ પાંચાભાઈ પટેલ, પ.ભ. કનુભાઈ નારણભાઈ પટેલ (સાબરમતી), પ.ભ. અભિજીતભાઈ સુરેશભાઈ આંબલીયા (જેતપુર). **આસો સુદ-૧૫** પ.ભ. ધનબાઈ કાનજી ભૂડીયા (માનકુવા-કચ્છ).

**આસો વદ-૧** પ.ભ. ગોપાલ કાનજીભાઈ વેકરીયા (સુખપર-કચ્છ), પ.ભ.અ.નિ. અરવિંદભાઈ કામદાર (ભાવનગર). **આસો વદ-૩** પ.ભ.અ.નિ. ગંગાબેન અરજણભાઈ પટેલ (વલસાડ). **આસો વદ-૪** શ્રી જયશંકરબાપા (ઈન્દૌર). **આસો વદ-૫** પ.ભ. કંચનબેન ગંગારામભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. જસુબેન દેવરાજભાઈ પોકાર (ગડાની-કચ્છ). **આસો વદ-૬** પ.ભ. પટેલ નૈલેશભાઈ ડાહ્યાભાઈ (ભાવપુરા), પ.ભ. પટેલ સરોજબેન નરેન્દ્રભાઈ (અણદાવાદ), પ.ભ. પટેલ નીતાબેન નાથાભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. લાલજીભાઈ નાથાભાઈ સાવલીયા (દાતરડી), નિલકંઠ લેન્ડ સ્કેપ એસોસિયેટ (અમદાવાદ), પ.ભ. સવિતાબેન ગોવિંદભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. જીલુભાઈ ભઈજીભાઈ ડાભી (જવારજ). **આસો વદ-૭** પ.ભ.અ.નિ. હરિકૃષ્ણ છનાલાલ જનશાળી (વડનગર). **આસો વદ-૮** પ.ભ.અ.નિ. ચેહરબેન લવજીભાઈ ચૌધરી (બાલવા), પ.ભ.અ.નિ. શિવાનીબેન પાંડે (ઉત્તરાખંડ), પ.ભ. રાકેશભાઈ બિપીનભાઈ પટેલ (ઉનાવા). **આસો વદ-૯** પ.ભ. ચંદ્રેશભાઈ આર. પટેલ (કુહા). **આસો વદ-૧૨** પ.ભ. રવજીભાઈ હરજીભાઈ નકુમ (જામખંભાળીયા), પ.ભ. શૈલેષભાઈ ભાવસાર હરિૐ પરિવાર (અમદાવાદ), પ.ભ.અ.નિ. કેશવલાલ મેઘજીભાઈ સાંખલા (નડીયાદ), પ.ભ. ચુડાસમા પૂર્વજીતસિંહ નીતુભા (ઝિંઝર), પ.ભ. મયંકભાઈ કામદાર (પોરબંદર), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ). **આસો વદ-૧૩** શ્રી હરિકૃષ્ણ નોવેલ્ટી શ્રી શાંતિભાઈ (અમદાવાદ), પ.ભ.અ.નિ. દમયંતીબેન શિવજીભાઈ પટેલ (નડીયાદ). **આસો વદ-૧૪** પ.ભ.અ.નિ. અર્જુનભાઈ હરિભાઈ ડબાસીયા (માનકુવા-કચ્છ), પ.ભ. શ્વેતાબેન બાબુલાલ પ્રજાપતિ (ગાંધીનગર).

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**કારતક સુદ-૧** પ.ભ.અ.નિ. વલ્લભભાઈ મૂળજીભાઈ ગાબાણી (ખોપાળા), પ.ભ. કલ્પેશભાઈ નટવરભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. રાધાબેન મનુભાઈ પટેલ. **કારતક સુદ-૩** પ.ભ. વસંતભાઈ કિરીટકુમાર પટેલ (મોખાસણ), ગં.સ્વ. કમળાબેન અમૃતભાઈ પટેલ (વિહાર), પ.ભ. મગનભાઈ નનુભાઈ પડસાળા (સુરત), પ.ભ. કાંતિભાઈ મોહનભાઈ શિંગાળા (સુરત). **કારતક સુદ-૫** પ.ભ.અ.નિ. મનુભાઈ શિવાભાઈ (અમદાવાદ), પ.ભ. ઉમેશ ગોપાલભાઈ વેકરીયા (બળદીયા-કચ્છ), પ.ભ. ગોપાલભાઈ કાનજીભાઈ વેકરીયા (સુખપર-કચ્છ), પ.ભ. સહજ વિશાલ પટેલ (ઓસ્ટ્રેલીયા),. **કારતક સુદ-૬** પ.ભ. બાલાભાઈ ધરમશીભાઈ પટેલ, શ્રી સ્વામિનારાયણ મંદિર શેખપાટ, હ. પ.ભ. કરશનભાઈ રાઘવાણી, પ.ભ. અરૂણાબેન (ધનસુરા), પ.ભ.અ.નિ. ધર્મેશભાઈ મોહનભાઈ ઘોઘર (વેળાવદર), પ.ભ.અ.નિ. નાનજીભાઈ લાલજીભાઈ કાચા (જૂનાગઢ), પ.ભ. મોદી હસમુખભાઈ શંકરલાલ (મહેસાણા). **કારતક સુદ-૭** પ.ભ. અવધ કેતનભાઈ ગોદાણી (અમદાવાદ), પ.ભ. મોહનભાઈ મોતીભાઈ કળશીયા (બોટાદ). **કારતક સુદ-૮** પ.ભ. સંતોકબેન બળદેવભાઈ ચૌધરી (માણેકપુર). **કારતક સુદ-૯** પ.ભ. જયશીલ પ્રફુલકુમાર ભાવસાર (સરસપુર), પ.ભ.અ.નિ. દેવજી લાલજી પિંડોરીયા (સામત્રા-કચ્છ), પ.ભ. વિશરામભાઈ રામજીભાઈ પાધરા (મદનપુર-કચ્છ). **કારતક સુદ-૧૦** પ.ભ.અ.નિ. દિવ્યાનીબેન પ્રફુલભાઈ સુરેલીયા (અમદાવાદ), પ.ભ.અ.નિ. રંગાઈબેન જયરામભાઈ ગઢીયા (ઉગામેડી). **કારતક સુદ-૧૧** પ.ભ.અ.નિ. દિવ્યાનીબેન પ્રફુલભાઈ સુરેલીયા (અમદાવાદ). **કારતક સુદ-૧૨** પ.ભ. મહેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. સંગીતાબેન પિયુષભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. બિન્દેશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. મધુબેન પરસોતમદાસ પટેલ (અમદાવાદ), પ.ભ. મિત બિપીનભાઈ પટેલ (રાણીપ), પ.ભ. રમણભાઈ દ્વારકાદાસ પટેલ (મહેસાણા), હરિૐ પરિવાર પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (સરસપુર), પ.ભ. હરેશભાઈ મનજીભાઈ પટેલ (મહાદેવનગર), પ.ભ. શારદાબેન શંકરલાલ પટેલ (સજ્જનપુરા-માણસા), પ.ભ. ઈન્દ્રવદન રાવજીભાઈ પટેલ (નારણપુરા), પ.ભ. હિરૂભાઈ સેંધાભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. લાલજીભાઈ સોની (અમદાવાદ), પ.ભ. પટેલ નિલમબેન (અમદાવાદ), પ.ભ. ઘનશ્યામભાઈ જેરામભાઈ (સુરત), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ). **કારતક સુદ-૧૩** પ.ભ. અંકુર નવીનભાઈ સોની (અમદાવાદ), પ.ભ. હેતલબેન પ્રવિણકુમાર પટેલ (અમદાવાદ), પ.ભ. સુરેન્દ્રભાઈ વલ્લભભાઈ પટેલ (સંતરામપુર), પ.ભ. પટેલ પંકજભાઈ ચંદુલાલ (વાગોસણા), પ.ભ.અ.નિ. દેવજી કાનજીભાઈ પટેલ (ચાચાવદરડા), પ.ભ. અક્ષર કૌશિકકુમાર ચૌધરી (ઈશ્વરપુરા), પ.ભ.અ.નિ. ચંદ્રકાંત કેશવલાલ મહેતા (અમદાવાદ), પ.ભ. પરેશભાઈ વિષ્ણુભાઈ (ગાંધીનગર). **કારતક સુદ-૧૪** પ.ભ. હિરજી લધા ગોરસીયા (સુખપર-કચ્છ), પ.ભ.અ.નિ. જયંતિભાઈ આદરભાઈ (વાવોલ), પ.ભ. જયંતિભાઈ રાવજીભાઈ પટેલ (પોર).

**કારતક વદ-૧** પ.ભ. મુકેશભાઈ મનસુખલાલ ગાંધી (અમદાવાદ). **કારતક વદ-૨** પ.ભ. માલતીબેન ઠાકોરભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ભીખુભાઈ પોપટભાઈ સોરઠીયા (બાપુનગર). **કારતક વદ-૩** પ.ભ.અ.નિ. રમણભાઈ બી. પટેલ (અમદાવાદ), પ.ભ. કંસારા ભાવિન નિતીનકુમાર (અમદાવાદ), પ.ભ. ધરમશીભાઈ ગોવિંદભાઈ પટેલ (કડી). **કારતક વદ-૪** પ.ભ.અ.નિ. મંગળભાઈ જયંતીભાઈ પટેલ (વડોદરા), પ.ભ. તેજેશભાઈ મગનભાઈ પટેલ (બોટાદ). **કારતક વદ-૫** પ.ભ. મહેન્દ્રભાઈ બાબુભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. આશિષભાઈ હરેશભાઈ ભટ્ટ (ગાંધીનગર), પ.ભ. ચૌહાણ અશ્વિનભાઈ બાબુભાઈ, સ.ગુ. સ્વામી હરિદાસ ગુરુ સ્વા. ધર્મપ્રસાદદાસજી ખાંભા, પ.ભ. પ્રતિકભાઈ પટેલ (ઉનાવા), પ.ભ. પટેલ તુલસીભાઈ મોહનભાઈ (મણીપુર-કડી), પ.ભ. રમેશભાઈ કાછડીયા (નિકોલ), પ.ભ. મનસુખ કાનજી પિંડોરીયા (કચ્છ), પ.ભ. શકરીબેન ભગત (વડુ), પ.ભ. અર્જુન વિશાલકુમાર પટેલ (કલોલ), પ.ભ. જ્યોતિબેન કાંતિલાલ (સોજા), પ.ભ. પટેલ જીતેન્દ્રકુમાર નાનાલાલ (વડનગર). **કારતક વદ-૭** પ.ભ. વિનોદરાય કાનજીભાઈ રોકડ (અમરેલી). **કારતક વદ-૮** પ.ભ. નાયક ચંપાબેન આત્મારામ (પાનસર), પ.ભ. કોલડીયા હાર્દિકભાઈ મહેન્દ્રભાઈ (અમદાવાદ), પ.ભ. પટેલ ભગવાનભાઈ શંકરભાઈ (મણીપુર). **કારતક વદ-૯** પ.ભ. સુહાનીબેન જયદિપભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. રતીલાલ સોમનાથદાસ પટેલ (અમદાવાદ). **કારતક વદ-૧૦** પ.ભ. સવિતાબેન ચતુરભાઈ દુધાત (અમદાવાદ). **કારતક વદ-૧૧** પ.ભ. દેવસી પરબત પિંડોરીયા (નારણપર-કચ્છ). **કારતક વદ-૧૨** પ.ભ. હસમુખલાલ માણેકલાલ (મોખાસણ), પ.ભ. રમાબેન છગનભાઈ પટેલ (નારાયણપુરા), શ્રી ઘનશ્યામ મહારાજ (હવેલી), પ.ભ. ડાહ્યાભાઈ શંભુભાઈ ચૌધરી (માણેકપુર), પ.ભ. હર્ષદભાઈ લાલભાઈ પટેલ (શિલજ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ). **કારતક વદ-૧૩** પ.ભ. ચૌધરી ઢબુબેન બળદેવભાઈ (બાલવા), પ.ભ. અર્જુનભાઈ વેજાભાઈ મેર (ધંધુસર-જુનાગઢ). **કારતક વદ-૩૦** પ.ભ. ભાવનાબેન રસિકભાઈ ટાંક (અમદાવાદ), પ.ભ.અ.નિ. ચૌધરી ઢબુબા બળદેવભાઈ (બાલવા), પ.ભ. કોકીલાબેન બિપીનચંદ્ર ઓઝા (અમદાવાદ).

---

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.





માણસા શ્રી સ્વામિનારાયણ મંદિર સાર્ધ શતાબ્દી મહોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી
તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



કુજાડ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં
મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.મહારાજશ્રી



ઈસંડ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં
મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.મહારાજશ્રી







કલોલ પંચવટી મંદિર પંચમ પાટોત્સવ પ્રસંગે
યજ્ઞમાં શ્રીફળ હોમતા પ.પૂ.લાલજી મહારાજશ્રી

લીંબડી મંદિરમાં શાકોત્સવ કરતા
પ.પૂ.લાલજી મહારાજશ્રી



બાલાસિનોર મંદિરમાં શાકોત્સવ કરતા
પ.પૂ.લાલજી મહારાજશ્રી

ડાંગરવા(પાટીદાર) મંદિર
૨૦ માં પાટોત્સવ પ્રસંગે
ઠાકોરજીની આરતી ઉતારતા
પ.પૂ.લાલજી મહારાજશ્રી

Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023





કંપાલા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.મહારાજશ્રી

નાગલપર (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.મહારાજશ્રી



મૂળી “ઉત્સવ” પ્રસંગે વિજય સ્તંભ સ્થાપન વિધિ કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. શ્રી રાજા



મૂળી “ઉત્સવ” પ્રસંગે સ્વયં પથ્થર ઉંચકી શ્રમ યજ્ઞનો પ્રારંભ કરાવતાં તથા હરિભક્તોને પ્રેમપૂર્વક મળતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



Praful Kharsani@gmail.com